પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષ:૨૫, અંક:૨૫, કુલ પાના:૪, તારીખ: ૨૧-૦૯-૨૦૨૧ મંગળવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 25, ISSUE : 25 PRICE :-RS. 1.50 DATE : 21-09-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### આવનારી ચુંટણી અંગે ચર્ચાઓ થયાનું અનુમાન

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમિત શાહ સાથે બેઠક કરી



ગાંધીનગર,
ગુજરાતના નવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનું પૂરું નામ ભૂરેન્દ્ર રજનીકાંત પટેલ છે. તેમનો જન્મ અમદાવાદ ખાતે ૧૫-૦૭-૧૯૬૨ના રોજ થયો હતો. તેમના પત્નીનું નામ હેતલબેન છે. તેઓ કડવા પટેલ છે. ભૂપેન્દ્ર પટેલે ડીપ્લોમા સિવિલ એન્જિનિયરિંગનો અભ્યાસ કર્યો છે. તેઓ ઘાટલોડિયા વિસ્તારના ધારાસભ્ય છે અને વ્યવસાયે બિલ્ડર છે.ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ એક દિવસનાં દિલ્હી પ્રવાસે છે. સીએમ પટેલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની શુભેચ્છા મુલાકાત લેશે. એક દિવસના આ પ્રવાસમાં તેઓ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને મળ્યા હતા. ગુજરાતમાં પદગ્રહણ કર્યા પછી તેઓ પહેલી વાર પીએમ મોદીને મળી રહ્યા છે. સીએમ ભૂપેન્દ્ર પટેલે ગૃહમંત્રી અમિત શાહ સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી. જેમાં સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે, તેઓ આ બેઠકમાં ગુજરાતમાં આવી રહેલી આગામી ચૂંટણી અંગે પણ વાત કરી શકે છે. વિજય રૂપાણીએ મુખ્યમંત્રી પદ પરથી રાજીનામુ આપ્યા બાદ, ભૂપેન્દ્ર પટેલને રાજ્યનાં નવા મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા હતા. નેતૃત્તવ પરિવર્તન પછી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચે રૂબરૂ મુલાકાત થઈ નથી. દિલ્હીમાં તેઓ ભારતના રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ, ઉપરાષ્ટ્રપતિ એમ.વૈંકેયા નાયડુ તથા ગૃહમંત્રી અમિત શાહની પણ શુભેચ્છા મુલાકાત કરશે. મુખ્યમંત્રીના દિલ્હી પ્રવાસ અંગે મળતી માહિતી પ્રમાણે, સીએમ ભૂપેન્દ્ર પટેલ એરપોર્ટથી સીધા ગરવી ગુજરાત ભવન પહોંચ્યા હતા. જે બાદ સીએમ પટેલ ૧૧ કલાકે પહેલા રાષ્ટ્રપતિ કોવિંદને મળ્યા હતા. જે બાદ સીએમ ૧૧.૪૫ કલાકે ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડુને મળ્યા હતા. તેઓ તે બાદ ગૃહમંત્રી અમિત શાહને મળ્યા હતા. બાદ મુખ્યમંત્રી પટેલ બપોરે એક વાગે રક્ષામંત્રી રાજનાથસિંહ સાથે મુલાકાત કરી હતી. જે બાદ તેઓ ૪.૦૦ વાગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળશે. મુખ્યમંત્રી નવી દિલ્હીથી સોમવારે રાત્રે અમદાવાદ પરત આવશે. નોંધનીય છે કે, ભૂપેન્દ્ર પટેલે ૧૩મી સપ્ટેમ્બરે રાજભવનમાં મુખ્યમંત્રી પદના શપથ લીધા હતા. તેમના આ સમારંભમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પણ ઉપસ્થિત રહ્યાં હતા. એ સમયે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ તેમને શુભેચ્છા આપી હતી. મુખ્યમંત્રીનો ચાર્જ સભાળ્યા પછી એક સપ્તાહમાં તેમની દિલ્હીની આ પહેલી મુલાકાત છે. ભૂપેન્દ્ર પટેલની રાજકીય કારકિર્દીની વાત કરીએ તો તેઓ વર્ષ ૧૯૯૫-૯૬,૧૯૯૯-૨૦૦૦, ૨૦૦૪-૨૦૦૬ સુધી મેમનગર પાલિકાના પ્રમુખ રહી ચૂક્યા છે. ૨૦૧૮થી ૨૦૨૦ સુધી અમદાવાદ મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડના વાઈસ ચેરમેન રહી ચૂક્યા છે. ૨૦૧૦થી ૨૦૧૫ સુધી થલટેજ વોર્ડના કોર્પોરેટર અને એએમસીમાં સ્ટેન્ડિંગ કમિટીમાં ચેરમેન પદે રહી ચૂક્યા છે. છેંઢ્છમાં પણ તેઓ ૨૦૧૫-૨૦૧૭ દરમિયાન રહી ચૂક્યા છે. હાલ તેઓ ઘાટલોડિયા વિધાનસભા બેઠક પરથી ધારાસભ્ય છે.

## વડોદરામાં ડેગ્ન્યુ-ચિકનગુનિયા બેકાબુ

વડોદરા,
કેન્દ્રની ટીમની મુલાકાત બાદ રવિવારે પાલિકીની ટીમ દ્વારા કરવામાં આવેલી દૈનિક કામગીરી કરવામાં આવી હતી. આરોગ્ય વિભાગની વિવિધ ટીમે રવિવારે ૧૧,૨૦૩ ઘર અને ૪૧,૧૦૫ વસ્તીનો સર્વે કર્યો હતો. આ સર્વે દરમિયાન ઝાડાના ૭ અને તાવના ૪૩ દર્દીઓ મળ્યાં હતાં. ૧૪૦ નાગરિકોના બ્લડ સેમ્પલ લેવાયાં હતાં.વડોદરા શહેરમાં મચ્છર અને પાણી જન્ય રોગચાળો બેકાબુ થતાં કેન્દ્ર અને રાજ્યના આરોગ્ય વિભાગની ટીમ દોડી આવી હતી. કોર્પોરેશનના આરોગ્ય વિભાગ દ્વારા રોગચાળો કાબુમાં લેવા માટે ૨૬૩ ટીમને મેદાનમાં ઉતારી છે. ૨૬૩ ટીમ દ્વારા આજે ૩૩૧ વિસ્તારોની વિઝીટ કરી હતી. કોર્પોરેશનના તંત્રનો દાવો છે કે, ૨૬૩ ટીમોએ ૪૨,૭૧૦ ઘરની તપાસ કરી અને ૮,૧૮૦ મકાનોમાં ફોગીંગ કર્યુ હતું. આ ઉપરાંત ૯૭,૪૫૯ પાત્રોની ટ્રિટમેન્ટ કરાવી, ૮ કંટ્રક્શન સાઈટ પૈકી ૨ને નોટિસ આપી છે. ૩ હોસ્ટેલ અને સ્કુલોની તપાસ ઉપરાંત કોર્પોરેશને અત્યારસુધી ૪૯૪ કંટ્રક્શન સાઈટ્સને નોટિસ આપી છે. કોર્પોરેશનનું તંત્ર કામગીરીના આંકડા જાહેર કરી પીઠ થાબળી રહયું છે. પરંતુ હજુ પણ શહેરમાં વરસાદી પાણીનો નિકાલ થતો નથી. ડેગ્ન્યુના ૭૭ સેમ્પલો પૈકી ૧૬ પોઝિટિવ અને ચિકનગુનિયાનાં ૩૦ સેમ્પલ પૈકી ૧૩ પોઝિટિવ આવ્યાં હતાં. શહેરના અક્ષરચોક વિસ્તારના સિગ્નેટ હબ બિલ્ડિંગની પાછળના ભાગમાં આવેલા અવાવરૂ મકાનની છત પર છેલ્લાં કેટલાંય દિવસોથી ગંદુ વરસાદી પાણી ભરાયેલું છે. પાલિકાના પાપે આ વિસ્તારમાં રોગચાળો ફેલાય તેવી દહેશત છે. કોર્પોરેશનની ટીમ ૪૯૪ કંટ્રક્શન સાઈટ્સને નોટિસ આપવાનો દાવો કરે છે, તો સિગ્નેટ હબ પાછળના મકાનની છત પર ભરાયેલું પાણી અને ગંદકી કેમ રડારમાં આવી નહીં ? શહેરમાં આ પ્રકારની હજુ કેટલીક બિલ્ડિંગ અને મકાનોની છત સહિતની જગ્યાઓએ વરસાદી પાણી ભરાયેલાં હોવાથી ડેગ્ન્યુ અને ચિકનગુનિયા બેકાબુ છે. કોર્પોરેશનના તંત્રએ શહેરનો ખૂણે-ખૂણો તપાસ કરવાને બદલે કાગળ પર કામગીરી બતાવે છે. નાગરિકના સ્વાસ્થય સાથે ચેડા કરતાં જવાબદાર અધિકારીઓ અને કર્મચારીઓ સામે કોર્પોરેશનની ચૂંટાયેલી અને વહીવટી પાંખે લાલ આંખ કરવી જરૂરી બને છે. કિશનવાડી, પાણીગેટ, નવાપુરા, નવીધરતી, ફતેપુરા, સમા, અટલાદરા, ગોકુલનગર, જેતલપુર, દિવાળીપુરા, કપુરાઈ, બાપોદ, છાણી, નવાયાર્ડ, શિયાબાગ, અકોટા, તરસાલી, દંતેશ્વર અને માંજલપુર વિસ્તારમાં ડેગ્ન્યુ અને ચિકનગુનિયાનો રોગચાળો ફેલાયેલો છે.

### લોકોને ઘરમાં રહેવાની સલાહ આપવામાં આવી

## સ્પેનમાં ભયાનક જ્વાળામુખી ફાટ્યો



મૈડ્રિડ,
સ્પેનમાં જ્વાળામુખી ફાટવાના પગલે અહીંની સ્કુલ સોમવારે બંધ રહેશે. લાવાના પ્રવાહે એપી ૨૧૨ રસ્તાને કાપી નાંખ્યો છે અને તેના કારણે ચાર રસ્તાઓ પણ પ્રભાવિત થયા છે. આ રસ્તાઓને બંધ કરી દેવામાં આવ્યા છે. લોકોને ઘરમાં રહેવાની સલાહ આપવામાં આવી છે. જ્વાળામુખીની રાખથી પ્રભાવિત થતા અટકાવવા માટે ફળો અને શાકભાજીને ધોવા અને દરવાજાઓને બંધ રાખવાની સલાહ આપવામાં આવી છે. ટેનેરિફ ફાયર બ્રિગેડના બાર યુનિટ સહાયતા માટે દ્વીપ પહોંચી ગયા છે. સ્પેનના વડાપ્રધાન પેડ્રો સાંચેજ દ્વીપ પર પહોંચ્યા અને તેમણે અમેરિકાનો પ્રવાસ રદ કર્યો છે. અહીં તે સંયુક્ત રાષ્ટ્રની મહાસભામાં ભાગ લેવા માટે જઈ રહ્યાં હતા. લા પાલ્માનું ક્ષેત્રફળ ૭૦૦ વર્ગકિલોમીટરથી વધુ છે અને લગભગ ૮૫૦૦૦ લોકોની વસ્તી છે.સ્પેનના લા પાલ્મા કેનરી દ્વીપ પર જ્વાળામુખી ફાટ્યા પછી પાંચથી ૧૦ હજાર લોકોને સુરક્ષિત જગ્યાએ પહોંચાડવામાં આવ્યા છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર વિસ્ફોટને ધ્યાનમાં રાખીને હાલ લોકોને સુરક્ષિત સ્થાન પર પહોંચાડવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. રિએક્ટર સ્કેલ પર લગભગ ચાર પોઈન્ટનો ભૂકંપ આવ્યા પછી આ વિસ્ફોટ થયો છે. ટીવી દ્વારા બતાવવામાં આવેલા દ્રશ્યોમાં જ્વાળામુખીમાંથી લાવા, ધુમાડો અને રાખ નીકળતી જોવા મળી. જોકે ઘટનાના પગલે હાલ કોઈ પણ પ્રકારની જાનહાનિના સમાચાર નથી. જોકે સંપત્તિઓને મોટુ નુકસાન થયું છે. રવિવારે સાંજે અધિકારીઓએ ઈમરજન્સી યોજના મુજબ એલ પાસો, તાજાકોર્ટ અને લાસ લાનોસ ડી અરિડેનમાંથી અનુમાનિત પાંચ હજાર લોકોને કાઢવાનું શરૂ કર્યુ છે. આ પહેલા લગભગ ૪૦ લોકો અને જાનવરોને સુરક્ષિત જગ્યાએ પહોંચાડવામાં આવ્યા હતા.

## ગુજરાતના ૭૧ ડેમ ઉપર હાઈએલર્ટ સિગ્નલ

ગાંધીનગર,
સૌરાષ્ટ્રના ૧૪૧ ડેમોમાં અત્યારે ૭૭.૦૪ ટકા પાણીનો સંગ્રહ થયો છે, વરસાદના કારણે સૌરાષ્ટ્રના ૧૪૧ પૈકી ૪૮ ડેમો સંપૂર્ણ છલકાયા છે, આ ઉપરાંત દક્ષિણ ગુજરાતના ૧૩માંથી ત્રણ ડેમ સંપૂર્ણ છલકાયા છે, દક્ષિણ ગુજરાતના ડેમોમાં ૮૮.૩૬ ટકા પાણીનો અત્યારે સંગ્રહ થયો છે. ઉત્તર ગુજરાત અને કચ્છના ડેમોમાં પાણીની ખાસ આવક થઈ નથી. ઉત્તર ગુજરાતન ૧૫ ડેમમાં ૨૯.૨૦ ટકા અને કચ્છના ૨૦ ડેમમાં ૨૬.૪૬ ટકા પાણીનો સંગ્રહ થયો છે, મધ્ય ગુજરાતના ૧૭ ડેમોમાં ૫૬.૯૩ ટકા તદ્દુપરાંત સરદાર સરોવર ડેમમાં ૫૪.૯૨ ટકા પાણીનો સંગ્રહ થયો છે.ગુજરાતમાં વરસાદ પછી ૨૦૬ ડેમો પૈકી ૭૧ ડેમોમાં ૯૦ ટકા કે તેથી વધુ પાણીનો સંગ્રહ થયો છે, આ સાથે જ રાજ્યમાં આવા ૭૧ ડેમો ઉપર હાઈ એલર્ટ સિગ્નલ અપાયું છે, જ્યારે ૨૦ ડેમોમાં ૮૦થી ૯૦ ટકા પાણીનો સંગ્રહ થયો છે, જ્યાં એલર્ટ સિગ્નલ અપાયું છે. આ સિવાય ૮ ડેમો એવા છે જ્યાં ૭૦થી ૮૦ ટકા પાણીનો સંગ્રહ થતાં વોર્નિંગ સિગ્નલ અપાયું છે. ગુજરાતમાં ૧૯મી સપ્ટેમ્બરના રવિવારની સ્થિતિએ ૫૧ ડેમો એવા છે જે ૧૦૦ ટકા ભરાઈ ગયા છે, સરદાર સરોવર સહિત રાજ્યના કુલ ૨૦૭ ડેમોમાં ૬૬.૪૩ ટકા પાણીનો સંગ્રહ થયો છે.

## ગુજરાતમાં ટીબીના એક જ દિવસમાં નવા ૯૪૪ દર્દીઓ નોંધાયા

ગાંધીનગર,
ગુજરાતમાં સરકારી ઉપરાંત ખાનગી હોસ્પિટલોમાં નિદાન થયેલા દર્દીની નોંધણી શરૃ કરાઈ છે, આ કામગીરી હેઠળ ૧૮મી સપ્ટેમ્બરે જ ૯૪૪ ટી.બી.ના કેસની નોંધણી કરવામાં આવી છે. કેન્દ્ર સરકાર દ્વારા આગામી વર્ષ ૨૦૨૫માં ટીબી રોગ નાબૂદી માટે ટાર્ગેટ આપવામાં આવ્યો છે, તબીબો કહે છે કે, ટીબી રોગ મુખ્યત્વે ફેફસાંને અસર કરે છે.ગુજરાતમાં ટી.બી.ના દર્દીઓને શોધીને સારવાર આપવાની ઝુંબેશ શરૃ કરાઈ છે, ગુજરાતમાં દર રોજ આશરે ૫૦૦થી ૬૦૦ ટી.બી.ટ્વ દર્દી નોંધાઈ રહ્યા છે, અલબત્ત, ૧૮મી સપ્ટેમ્બરના શનિવારે એક જ દિવસમાં ગુજરાતમાં ૯૪૪ ટી.બી.ના રેકોર્ડ બ્રેક કેસ નોંધાયા છે, તેમ સ્ટેટ ટીબી ઓફિસર અને સંયુક્ત નિયામક (ટીબી) ડો. સતીષ મકવાણાએ જણાવ્યું છે. આખા ગુજરાતમાં કોરોનાકાળમાં જ ૧.૨૦ લાખ ટી.બી.ના નવા દર્દીઓ નોંધાયા છે, તંત્રનો દાવો છે કે, નવા ૧.૨૦ લાખ જેટલા દર્દીમાંથી ૮૭ ટકા દર્દીઓને સારવાર આપીને સાજા કરાયા છે. રાજ્યમાં ટીબીના એક્ટિવ કેસ ફાઈન્ડિંગ એક્ટિવિટીનો પ્રારંભ કરાયો છે, આ કામગીરી અંતર્ગત ગુજરાતના તમામ જિલ્લામાં ટીબી માટે જોખમી વસતિમાં આરોગ્ય અને એનટીઈપી સ્ટાફ દ્વારા ૧૬મી સપ્ટેમ્બરથી કેસ શોધવાની કામગીરી શરૃ કરાઈ છે, જે ૩૧મી ઓક્ટોબર સુધી ચાલવાની છે.

## દેશભરના ખેડુતોને ૧૨ આંકડાનો યુનિક આઈડી નંબર અપાશે

નવી દિલ્હી,
સરકારને ટેકાના ભાવે ખરીદી કરવાના આયોજનમાં મદદ મળશે. ખેડુતોના યુનિક આઈડીકાર્ડ તૈયાર કરવાનું શરુ કરી દેવાયુ છે. ૮ કરોડનો ડેટાબેઈઝ તૈયાર થઈ ગયા બાદ તે વિધિસર રીતે લાંચ કરવામાં આવશે. અત્યાર સુધીમાં મધ્યપ્રદેશ, ઉતરપ્રદેશ, રાજસ્થાન, આંધ્રપ્રદેશ સહિત ૧૧ રાજયોના ખેડુતોનો ડેટાબેઈઝ તૈયાર થઈ ગયો છે. આવતા મહિનાઓમાં તેલંગાણા, કેરળ તથા પંજાબના ખેડુતોને પ્રોજેકટમાં આવરી લેવાશે અને તેના આધારે પીએમ કિસાન, સોઈલ હેલ્થકાર્ડ, ફસલ બીમા યોજના જેવી સ્કીમો ઉપલબ્ધ કરાવાશે. ખેડુતોના જમીન રેકર્ડને તેમાં આવરી લેવામાં આવશે. જમીનના જીઆઈએસ ડેટાને પગલે ખેડુતોને સલાહ-ચેતવણી આપવાનું સરળ બનશે.દેશમાં કિસાનો માટેની અનેકવિધ યોજનાઓનો સરળતાથી લાભ મળે તે માટે કેન્દ્ર સરકાર ૧૨ આંકડાના યુનિક આઈડી નંબર આપવાનું નકકી કર્યુ છે અને તેના ભાગરૂપે ડેટાબેઈઝ તૈયાર કરવામાં આવી રહ્યો છે. ૫.૫ કરોડ ખેડુતોનો ડેટાબેઈઝ તૈયાર થઈ ગયો છે તે ડિસેમ્બર સુધીમાં ૮ કરોડે પહોંચાડવાનો ટારગેટ નકકી કરવામાં આવ્યો છે. કેન્દ્રીય કૃષિવિભાગના અધિક સચિવ વિવેક અગ્રવાલે કહ્યું કે પીએમ કિસાન યોજના ઉપરાંત જમીનના રેકર્ડને સાંકળી લેવાના ઉદેશ સાથે તમામે તમામ ખેડુતોને યુનિક આઈડી નંબર આપવામાં આવશે. સરકારી યોજનાઓનો સરળતાથી લાભ આપી શકાય તેવો ઉદેશ છે. ધિરાણ મેળવવામાં પણ તે ઉપયોગી થશે.

## પંજાબને મળ્યા પહેલા દલિત મુખ્યમંત્રી

નવી દિલ્હી,
ચરણજીત સિંહ ચન્નીએ સોમવારે મુખ્યમંત્રી પદના શપથ ગ્રહણ કર્યા હતા. તેઓ પંજાબના ૧૬મા મુખ્યમંત્રી છે અને સાથે જ પહેલા દલિત મુખ્યંમત્રી છે. આગામી વર્ષે યોજાનારી વિધાનસભા ચૂંટણી પહેલા કોંગ્રેસે પોતાનો મુખ્યમંત્રી ચહેરો બદલ્યો છે. પંજાબમાં આગામી વર્ષે યોજાનારી વિધાનસભા ચૂંટણી પહેલા ભારે મોટો ફેરફાર થયો છે. સોમવારે દલિત નેતા ચરણજીત સિંહ ચન્નીએ મુખ્યંમત્રી પદના શપથ ગ્રહણ કર્યા હતા. કેપ્ટન અમરિંદર સિંહે શનિવારે જ મુખ્યમંત્રી પદેથી રાજીનામુ આપ્યુંહતું. પંજાબ કોંગ્રેસમાં ચાલી રહેલા દંગલ વચ્ચે કોંગ્રેસ પાર્ટીએ ચહેરો બદલ્યો છે. જોકે હજુ પણ પાર્ટીમાં ચાલી રહેલા દંગલનો અંત નથી આવ્યો પરંતુ કોંગ્રેસે ચૂંટણી પહેલા પોતાનો નવો દાવ રમીને ભવિષ્યની તૈયારી કરી છે. ચરણજીત સિંહ ચન્ની ઉપરાંત સોમવારે સુખજિંદર સિંહ રંધાવાએ પણ શપથ ગ્રહણ કર્યા હતા. સુખજિંદર સિંહ રંધાવાએ મંત્રી પદના શપથ ગ્રહણ કર્યા છે. તે સિવાય ઓપી સોનીએ પણ સોમવારે મંત્રી પદના શપથ લીધા હતા. રાજભવન ખાતે ખૂબ જ સાદગીપૂર્ણ શપથ ગ્રહણ સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં માત્ર ૪૦ જ લોકોને મંજૂરી આપવામાં આવી હતી અને મીડિયાને પ્રવેશ નહોતો અપાયો. કોવિડ પ્રોટોકોલને અનુલક્ષીને આ પ્રકારે સાદાઈથી કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં સામેલ થવા માટે ચરણજીત સિંહ ચન્ની, નવજોત સિંહ સિદ્ધુ, સુનીલ જાખડ સહિત પંજાબ કોંગ્રેસના તમામ નેતાઓ ચંદીગઢ ખાતે રાજભવન પહોંચી ગયા હતા. સુખજિંદર રંધાવા અને ઓમપ્રકાશ સોની પંજાબના નવા નાયબ મુખ્યમંત્રી તરીકે કામ કરશે. રાહુલ ગાંધી ઉપરાંત હરીશ રાવત અને અજય માકન પણ ચન્નીને શુભેચ્છા આપવા માટે રાજભવન પહોંચ્યા હતા.

## રશિયાની યૂનિવર્સિટીમાં ગોળીબારમાં ૮નાં મરણ

રશિયા,
રશિયાની સમાચાર સંસ્થા 'તાસ'ના અહેવાલ મુજબ, પર્મ સ્ટેટ યૂનિવર્સિટીના એક મકાનમાં ગોળીબારની ઘટના બની હતી. હુમલાખોર આજે સવારે કેમ્પસમાં ઘૂસ્યો હતો અને એની પાસેના અત્યંત આધુનિક શસ્ત્રમાંથી બેફામ રીતે ગોળીબાર કર્યો હતો. કેટલાક વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ એમના કલાસરૂમ્સ અંદરથી બંધ કરી દીધા હતા. ઘટનાનો વિડિયો ઈન્ટરનેટ પર જોવા મળ્યો છે જેને કારણે સનસનાટી મચી ગઈ છે. વિડિયોમાં જોઈ શકાય છે કે ગોળીબાર વખતે અમુક વિદ્યાર્થીઓ જીવ બચાવવા બારીમાંથી નીચે કૂદી પડ્યાં હતાં. હુમલાખોરને તિમૂર બેકમાન્સુરોવ તરીકે ઓળખ કરવામાં આવી છે. ગોળીબાર પાછળ એનો શું ઈરાદો હતો તે હજી સ્પષ્ટ થયું નથી. ઈજાગ્રસ્તોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આયા .રશિયાના પર્મ શહેરમાં એક યૂનિવર્સિટીના કેમ્પસમાં આજે સવારે અંધાધૂંધ ગોળીબારની ઘટનામાં ઓછામાં ઓછા આઠ જણના મરણણ નિપજ્યા છે અને બીજાં છ જણ ઘાયલ થયા છે. હુમલાખોરને ઠાર મારવામાં આવ્યો છે અને એનું શસ્ત્ર કબજે કરાયું છે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ઘોળી દૂધ ઉ.સે. સહ.મં.લી.
મુ. ઘોળી, તા. ગોધરા

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ઘી બોડીદ્રા અર્થ સે.સ.મં.લી.
મુ. છાવડ, તા. ગોધરા

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ઘી બોડીદ્રા અર્થ સે.સ.મં.લી.
મુ. તરવડી, તા. ગોધરા

# લુણાવાડા તાલુકાના નવા મુવાડા ગામે ખેતરમાં જવાના માર્ગ ઉપર કાદવ-કિચડ અને ગંદકીને લઈ ગ્રામજનો પરેશાન


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા, લુણાવાડા તાલુકાના નવા મુવાડા ગામે ખેતરમાં જવાના માર્ગ ઉપર ઠેર ઠેર કાદવ-કિચડ અને ગંદકીના કારણે ગ્રામજનોને પરેશાન થવાનો વારો આવ્યો છે.

લુણાવાડા તાલુકાના નવા મુવાડા ગામે ખેતરમાં જવાના માર્ગ ઉપર ઠેર ઠેર કાદવ-કિચડ અને ગંદકીનુ સામ્રાજય ફેલાયેલુ જોવા મળી રહ્યુ છે. ગ્રામ પંચાયતોમાં રોડ રસ્તા માટે લાખો રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવતી હોવા છતાં રસ્તાની સુવિધા પુરી પાડવામાં નિષ્ફળ રહી છે. ગ્રામજનોને ખેતરમાં જવા-આવવા માટે મુશ્કેલીઓ વેઠવી પડે છે. ગંદકીને કારણે મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે. ગ્રામ પંચાયતમાં રસ્તા માટે અવાર નવાર લેખિત તેમજ મૌખિક રજુઆતો કરવા છતાં રસ્તાની કામગીરી નહિ કરવામાં આવતા રસ્તા અને ગંદકીને લઈ ગ્રામજનો ત્રાહિમામ થઈ ગયા છે.

# કેન્દ્ર ૨૦૦ કરોડ ખર્ચ કરશે ભિખારીઓના કલ્યાણ માટે

ન્યુ દિલ્હી, મંત્રાલય દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, આગામી પાંચ વર્ષમાં આ સમગ્ર યોજના પર ૨૦૦ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવશે. તેમજ ભિખારીઓના પુનર્વસન માટે ૧૦ વર્ષનો સમય આપવામાં આવશે. આનું કારણ એ છે કે મંત્રાલય માને છે કે જયાં સુધી તેમની રહેવાની આદતો સંપૂર્ણપણે બદલાય નહીં ત્યાં સુધી તેઓ ભીખ માંગવાનો માર્ગ છોડશે નહીં. આ નિર્ણય ભિક્ષાવૃત્તિમાં તેમના ફરીથી જોડાવાની શક્યતાને દૂર કરવા માટે લેવામાં આવ્યો છે. ૧૦ શહેરોમાં સફળ પાયલોટ પ્રોજેક્ટ પછી, તેને દેશના અન્ય ૧૦૦ શહેરોમાં વિસ્તૃત કરવામાં આઘણી વખત તમે રસ્તા પર, મુસાફરી દરમિયાન, મંદિરો અને અન્ય સ્થળોએ પસાર થતી વખતે મોટી સંખ્યામાં ભિખારીઓ જોયા હશે. ૨-૫-૧૦ રૂપિયાથી તમે તે લાચાર, ગરીબ, લાચાર લોકોની પણ મદદ કરી હશે. પરંતુ ભીખ માંગવાથી તેનું જીવન બદલાશે નહીં. તમે પણ વર્ષોથી જોતા જ હશો. ભિખારીઓના કલ્યાણ માટે સરકાર દ્વારા પ્રયત્નો પણ કરવામાં આવ્યા છે, પરંતુ કોઈ પરિણામ મેળવી શકાયું નથી. હવે કેન્દ્ર સરકારે જીસૈંન્ઈ નો નવો તબક્કો શરૂ કર્યો છે એટલે કે ભિક્ષુકોના કલ્યાણ માટે આજીવિકા માટે સીમાંત વ્યક્તિઓ માટે સહાય અને એન્ટરપ્રાઈઝ યોજના. સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય દ્વારા ભિખારીઓના પુનર્વસન અને આજીવિકા માટે પગલાં લેવામાં આવશે. ચાલો આ યોજના વિશે વિગતવાર જાણીએ. સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય દ્વારા ભીખ માંગતા લોકોનું સંપૂર્ણપણે પુનર્વસન કરવામાં આવશે. આગામી ૧૦ વર્ષ સુધી મંત્રાલય તેમના જીવન, ખોરાક અને શિક્ષણ, આરોગ્ય અને કૌશલ્ય તાલીમનો સંપૂર્ણ ખર્ચ ઉઠાવશે. હાલમાં, એક પાયલોટ પ્રોજેક્ટ તરીકે, આ યોજના હેઠળ, દિલ્હી સહિત દેશના ૧૦ મોટા શહેરોને ભિખારીઓથી મુક્ત કરવાની તૈયારીઓ ચાલી રહી છે. પસંદ કરેલા ૯ શહેરોમાં ભિખારીઓની ચોક્કસ સંખ્યા જાણવા માટે એક સર્વે કરવામાં આવ્યો છે. મહિલાઓ અને બાળકો સહિત દિલ્હીમાં તેમની સંખ્યા ૨૦ હજારથી વધુ છે. પ્રથમ તબક્કામાં, દિલ્હી સહિત ૧૦ શહેરોમાં, જ્યાંથી કેન્દ્ર સરકારે ભીખ માંગવાનું નાબૂદ કરવાનું કામ શરૂ કર્યું છે, સફળતા પછી, આ યોજના અન્ય શહેરોમાં પણ લાગુ કરવામાં આવશે. આ શહેરોમાં દિલ્હી, મુંબઈ, પટના, ઈન્દોર, ચેન્નઈ, બેંગલુરુ, નાગપુર, હૈદરાબાદ, લખનૌ અને અમદાવાદનો સમાવેશ થાય છે. અગાઉ તેમાં અમદાવાદને બદલે કોલકતાનું નામ સામેલ હતું, પરંતુ બંગાળની મમતા સરકારના અસહકારને ટાંકીને કેન્દ્રએ કોલકાતાને આ પાયલોટ પ્રોજેક્ટથી અલગ કરી દીધું. સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ યોજના હેઠળ દરેક ભિખારીનો સંપૂર્ણ ડેટા તૈયાર કરવામાં આવ્યો છે. તેમાં ભીખ માંગવાની જગ્યા, તેમની શૈક્ષણિક લાયકાત, આરોગ્ય વગેરેની વિગતો છે. તેમાંથી આવા લોકોની સંખ્યા ઘણી વધારે છે, જેમની પાસે તેમની ઓળખ સાથે સંબંધિત કોઈ દસ્તાવેજ નથી. વિગતોના આધારે તેમનું પુનર્વસન કરવામાં આવશે. તેમના શિક્ષણ, કૌશલ્ય વિકાસ, તાલીમ વગેરે માટે કામ ચાલી રહ્યું છે.

## સ્વાતંત્ર્યસેનાની રાણી ચેન્નમા ખૂબ લડી મર્દાની વો તો ઝાંસીવાલી રાણીથી


જીજ્ઞા કપુરીયા (નિયતી)

જી હા મિત્રો, એક હતાં ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ કે જે ઈતિહાસમાં અમર થઈ ગયાં પણ તમને ખબર છે એમનાં જેવું એક વ્યકિતત્વ દક્ષિણમાં પણ હતું. ''કીટ્ટુરની રાણી ચેન્નમા.'' જેનાં નામથી અંગ્રેજો થરથર કાપતાં હતાં. એક એવી વીરાંગના જેણે બ્રિટીશરો સામે શસ્ત્ર ઉપાડયાં હતાં.અંગ્રેજ સેનાને એકનહીં પણ અનેકવાર હારનો સામનો કરવો પડ્યો હતો! આ એક એવી વીરાંગના હતી જેની સામે અંગ્રેજોએ જીવનદાનની ભીખ માંગવી પડી હતી!

મિત્રો, આઝાદીની લડતમાં જેનું સ્થાન સૌથી મોખરે હોવું જોઈએ એને બદલે ઈતિહાસમાં ક્યાંય ગરકાવ થઈ ગયું છે! તો ચાલો આપણે આ વીરાંગના વિશે થોડું જાણીએ.

ઈ.સ.૧૭૭૮માં કર્ણાટકનાં બેલગામમાં રહેતાં ગુલાપ્પા દેસાઈ અને પદ્માવતીને ઘરે એક પુત્રીરત્નનો જન્મ થયો

એજ આ રાણી ચેન્નમા.

રાણી ચેન્નમાનાં નામ પ્રમાણે ગુણ પણ ભરપૂર હતાં. જેમજેમ તે મોટી થતી ગઈ એમ તે ઘોડેસવારી અને તલવારબાજીમાં પારંગત થતી ગઈ. રૂપ તો વિધાતાએ અપરંપાર આપેલું પાછી રાજકુમારી એટલે કીટ્ટુરના રાજા મલ્લસર્જન સાથે એમનાં લગ્ન થયાં. એ વખતે કીટ્ટુરએ હીરા અને ઝવેરાતનું મોટું બજાર ગણાતું હતું અને મૈસુરનું સ્વતંત્ર રાજ્ય પણ હતું એટલે પ્રજા સુખી હતી પણ વિધિની વક્રતા તો જુઓ સુખી દામ્પત્યજીવનમાં એમને એક પુત્રને જન્મ આપ્યો પણ એ સુખ વિધાતાએ છીનવી લીધું અને હજી તો પુત્રવિયોગમાંથી બહાર આવે ત્યાં તો એક દિવસ અચાનક મલ્લસર્જન પણ પરલોક સિધાવ્યા. જરા વિચારી જુઓ મિત્રો એક સાથે બે આઘાત સહન કરીને પણ આ વીરાંગના જરા પણ ડગી નહીં અને મલ્લસર્જનની પહેલી પત્ની રૂદ્રમ્માનાં પુત્ર શિવલિંગને રાજપાઠમાં પારંગત કરીને ગાદી પર બેસાડયો પણ પડકારોએ પીછો છોડ્યો નહીં એક દિવસ અચાનક શિવલિંગનુ પણ મૃત્યુ થયું! બ્રિટિશરોની નજર તો પહેલેથી કિટ્ટુરનાં ખજાના પર હતી એટલે ચેન્નમાએ પોતાને મજબૂત કરીને રાજપાઠ સંભાળીને પોતાની એક મજબૂત મજબૂતસેના તૈયાર કરી, આ બાજુ અંગ્રેજોને ખબર પડી કે કીટ્ટુર પર કોઈ પુરૂષ પુરૂષશાસક નથી તો કીટ્ટુરને લૂંટવાનાં આશયથી કીટ્ટુર પર હુમલો કર્યો ત્યારે રાણી ચેન્નમાએ કહ્યું ,''જ્યાં સુધી મારી નસોમાં લોહીનું એક ટીપું છે ત્યાં સુધી કોઈપણ કીટ્ટુર લઈ જઈ નહીં શકે.''

એમણે બધાંને સાથે આવવાનું કહીને કીટ્ટુરનો દરવાજો ખોલવાનો આદેશ આપ્યો. આ તરફ અંગ્રેજોએ શરણાગતિ સ્વીકારવાની ચેતવણી આપી તો જવાબમાં આ વીરાંગના મહાકાલીનું રૂપ લઈને તૂટી પડી. અંગ્રેજો રાણી ચેન્નમાનું આ રૂપ જોઈને થરથર ધ્રુજવાં લાગ્યા અને ભાગી છૂટયાં અને જે પકડાયા એ દયાની ભીખ માંગવા લાગ્યાં રાણીએ ઉદાર મને જીવતદાન આપ્યું. બ્રિટિશરો આ હારને પચાવી ન શકયાં એમણે કીટ્ટુર પર પાછી ચઢાઈ કરી તો એ વખતે પણ અંગ્રેજોએ હારનો સામનો કરવો પડ્યો અને જીવ બચાવીને ભાગી ગયાં. હવે અંગ્રેજોએ રાણીને પકડવા એક સડચંત્ર કર્યુ જેમાં તેઓ માહેર હતાં. કહેવાય છે ને કે ''ઘરકા ભેદી લંકા ઢાયે'' તેમ કીટ્ટુરનાં જ કેટલાંક લોકો જે રાણીનાં વિરોધી હતાં એમને લાલચ આપીને અંગ્રેજોએ પોતાની તરફ કરીને છેતરપીંડીથી રાણી ચેન્નમાને કેદ કરીને જેલમાં નાંખ્યા, જયાં રાણી ચેન્નમાને ૨૧ ફેબ્રુઆરી૧૮૨૯ નાં રોજ ફાંસીની સજા આપવામાં આવી, આમ આ વીરાંગનાએ વીરગતિ પ્રાપ્ત કરી.

રાણી ચેન્નમાનો આઝાદી માટેનો ફાળો અવિસ્મરણીય છે, કદાચિત એટલે જ આજે પણ દર વર્ષે ૨૨ થી ૨૪ ઓક્ટોબરે લોકો એમની યાદમાં ''કીટ્ટુર ઉત્સવ'' ઉજવે છે.

પૂણે -બેંગ્લોરૂ ધોરીમાર્ગ પર બેલગામ પાસે કીટ્ટુરમહેલ અને અન્ય ઈમારતો આજે પણ રાણી ચેન્નમાની ગૌરવગાથા કહેતાં હોય એમ અડીખમ ઊભા છે. આવું એક વ્યકિતત્વ જેની ઓળખ ફકત કીટ્ટુર પુરતી જ સીમિત રહી કદાચિત ભાષાને લીધે! મરાઠા જે જગપ્રસિદ્ધ થયાં કારણકે એમણે આપણી રાષ્ટ્રીયભાષા હિંદીને અપનાવી હતી. કદાચિત એટલે રાણી ચેન્નમા પ્રસિદ્ધિની પરે રહી ગયાં હોય? કારણ ગમે તે હોય પણ આવી વીરાંગનાને આ 'નિયતી'નાં શત શત પ્રણામ.

# દેવગઢબારીયા નગરમાં શાંતિપૂર્ણ માહોલમાં થયુ શ્રીજી વિસર્જન

દે.બારીયા, દેવગઢ બારિયા નગરમાંગણપતિ ઉત્સવની ઉજવણી વર્ષોથી દેવગઢબારીયા નગરમાં ધામધૂમ થી કરાઈ રહી છે. ચાલુ સાલે કોરોના મહામારીમાં પણ સરકારી ગાઈડલાઈન મુજબ ઉજવણી કરવામાં આવી હતી.

દેવગઢબારીયા નગરમાં ગણેશ ચોથના દિવસે ભગવાન શ્રીજીની સ્થાપના કરવામાં આવી હતી. દસ દિવસનું આતીથ્ય માણવા આવેલા ભગવાન ગણપતિનું આજે અનંતચૌદસના દિવસે વાજતે ગાજતે વિસર્જન કરવામાં આવ્યું હતું. દેવગઢબારીયા શહેરમાં ટાવર, રત્નદીપ સ્કૂલ, ચેનપુર ચોકડી, સરકારી દવાખાના, રાણાશેરી, જલારામ મંદિર, પારેખ શેરી, ધર્મશાળા રોડ, ભાથીજી મંદિર, સુથારવાડા, સર્કલ બજાર, લાલા પાર્ક સહીત અન્ય વિસ્તાર માં ભગવાન શ્રીજીની મોટી મૂર્તિઓની સ્થાપના થઈ હતી. કેટલાય ભક્તોએ ઘરે પણ નાની મૂર્તિઓની સ્થાપના કરી દસ દિવસ સુધી ભગવાન શ્રીજી ની પૂજા અર્ચના કરી હતી. આજે અનંત ચૌદસ ના રોજ દેવગઢબારીયા નગરમાં ડીજે સિસ્ટમ અને નાગપુરના ઢોલના તાલે ભક્તિ સંગીત પંડાલ માજ નાચી કુદીને વિસજન આ સ્થળે એક વાહનમાં ૧૫ જણાવી અને વિસર્જન સંપૂર્ણ કર્યું હતું. સરકાર ની ગાઈડ લાઈન પ્રમાણે વોટર બોડીમાં વિસર્જન કરવાની પ્રતિબંધ હોય દેવગઢબારિયાના રાજવી તુષાર બાબા એ પોતાની તલાવડી આપી હતી જેમાં આજે નગરપાલિકા દ્વારા ખડે પગે ઊભા રહી સવારથી સાંજ સુધી ૯૦ જેટલી નાની મોટી મૂર્તિઓ નું વિસર્જન તરાપા અને બોટ થી કરવામાં આવ્યું હતું. પાલિકાનો તમામ કર્મચારીઓ અને નગરપાલિકા પ્રમુખ ડો.ચાર્મી નીલ સોની અને સદસ્યો સમગ્ર ટીમ અને ફાયર ટીમ તથા દેવગઢબારીયા પોલીસ તંત્ર હાજર રહી શાંતિપૂર્ણ રીતે વિસર્જન કરાયું હતું.

આમ દેવગઢબારીયા નગર માં શાંતિપૂર્ણ માહોલ માં ભગવાન શ્રીજી ને વિદાઈ આપવામાં આવી હતી.

# ફતેપુરા તાલુકાના સુખસરની વર્ષો જૂની જર્જરિત થયેલી પોસ્ટ ઓફિસનાપોપડા ખર્યા : સદભાગ્યે કોઈ જાનહાની નહિ



ફતેપુરા, ફતેપુરા તાલુકાના સુખસર ખાતે અએપીએમસીના મકાનમાં ચાલતી પોસ્ટ ઓફીસનું મકાન વર્ષોથી જર્જરિત હાલતમાં હોય પોસ્ટના કર્મચારીઓ જીવના જોખમે પોતાની ફરજ નિભાવી રહ્યા છે.પોસ્ટ ઓફિસનું મકાન બદલવા છેલ્લા દસ વર્ષથી સમાચાર પત્રોના માધ્યમથી અને આ પોસ્ટ ઓફિસમાં ફરજ બજાવતા કર્મચારીઓ દ્વારા ઉપલા તંત્રને અનેકવાર રજૂઆતો કરવા છતાં ધ્યાન નહીં આપી મોટી જાનહાનિની રાહ જોવાતી હોય તેમ જાડી ચામડીના અધિકારીઓ દ્વારા આંખ આડા કાન કરવામાં આવી રહ્યા હોય તેમ જણાઈ રહ્યું છે. પોસ્ટ ખાતાના ઉપલા અધિકારીઓની બેદરકારીને કારણે સુખસર પોસ્ટ ઓફિસના કર્મચારીઓ સહિત હજારો ખાતેદારોને સમયસર ન્યાય મળતો ન હોવાની ફરિયાદો વર્ષોથી ઉઠી રહી છે, ત્યારે ઉચ્ચ અધિકારીઓ તાત્કાલિક ધ્યાન આપે તે ખૂબ જરૂરી જણાય છે.

જાણવા મળેલી વિગતો મુજબ ફતેપુરા તાલુકાના સુખસર ખાતે એપીએમસીના મકાનમાં છેલ્લા ૨૫ વર્ષ ઉપરાંતથી પોસ્ટ ઓફીસનું સંચાલન કરવામાં આવી રહ્યું છે. જે મકાન છેલ્લા દસેક વર્ષથી અતિ જર્જરિત હાલતમાં હોઈ ફરજ બજાવતો સ્ટાફ જીવના જોખમે ફરજ બજાવી રહ્યા છે. તેમજ આ મકાનને રીપેરીંગ કરવા અથવા તો બદલવા અધિકારીઓને અનેકવાર રજૂઆતો પણ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.તેમ છતાં તે પ્રત્યે આજ દિન સુધી ધ્યાન આપવામાં નહીં આવ્યું હોવાનું સ્ટાફ દ્વારા જાણવા મળે છે.

# અમરેલીમાં ડ્રોનથી ખેતરમાં ખાતરનો છંટકાવ કરાયો



અમરેલી, વિશ્વમાં પ્રથમ વખત જ ભારતમાં નેનો પદ્ધતિથી ખાતર બનાવાયું છે જેનું ઉત્પાદન સહકારી સંસ્થા ઈફકો દ્વારા શરુ થયું છે, ડ્રોનની મદદથી પણ ખેતરમાં ખાતરનો છંટકાવ કરી શકાશે જેમાં ખૂબ જ ઓછો સમય લાગશે.ઈફકો દ્વારા વિશ્વમાં સૌ પ્રથમ વખત જ નેનો યુરીયા ખાતરની શોધ કરવામાં આવી છે. મોટી ગુણમાં સમાય તેટલું ખાતર એક નાનકડી બોટલમાં જ સમાઈ જાય છે. આ ખાતર પ્રવાહી છે. અમરેલી ખાતે પ્રથમ વખત જ ખેતરમાં ડ્રોનની મદદથી યુરીયા ખાતરનો છંટકાવ કરવામાં આવ્યો હતો. સમગ્ર વિશ્વ માટે આ અનોખો પ્રયોગ છે. અમરેલીમાં અમર ડેરી ખાતે જિલ્લાની મોટા ભાગની સહકારી સંસ્થાઓનું સહકારી સમ્મેલન યોજાયું હતું. જેમાં ઈફકોના વાઈસ ચેરમેન દિલીપ સંઘાણી અને માર્કેટીંગ મેનેજર પટેલની ઉપસ્થિતિમાં ફાર્મની ઉપર ડ્રોનની મદદથી નેનો ખાતરનો છંટકાવ કરવામાં આવ્યો હતો. ઓસ્ટ્રેલિયા સહિતના દેશોમાં દવાના છંટકાવ માટે આ પ્રકારની પદ્ધતિનો ઉપયોગ થાય છે પણ વિશ્વમાં સૌ-પ્રથમ ભારત દ્વારા ઈફકોના માધ્યમથી નેનો ખાતરની શોધ કરવામાં આવી છે. જેનો પ્રથમ જાહેર પ્રયોગ અમરેલીમાં કરવામાં આવ્યો હતો. નેનો ખાતર આપણી જ શોધ હોવાથી વિશ્વમાં ડ્રોનથી તેનો છંટકાવ હજુ થતો નથી. સંસ્થાના વાઈસ ચેરમેન દિલીપ સંઘાણીએ વિગતો આપતા જણાવ્યું કે, અગાઉ યુરીયા ખાતરની ગુણને વાહનમાં ભરીને લાવવી પડતી હતી અને તેને લાવવાનો ખર્ચ બહુ મોટો હતો. જેટલું ખાતર એક ટ્રકમાં ભરીને લઈ જઈ શકાય તેટલું જ નેનો ખાતર બાઈકમાં લઈ જઈ શકાશે. નેનો ખાતરની એક નાનકડી બોટલ યુરીયા ખાતરની એક ગુણ બરાબર છે. વિશ્વમાં આ નેનો ખાતરની પ્રથમ શોધ ભારત દ્વારા જ કરવામાં આવી છે અને સહકારી સંસ્થા ઈફકો દ્વારા તેનું ઉત્પાદન શરુ કરાયું છે. આ શોધમાં સમગ્ર વિશ્વમાં ક્રાંતિ આવશે. આ ખાતરને જમીનમાં નાખવાનું નથી પણ છોડની ઉપર છંટકાવ કરવાનો છે જે પંપ દ્વારા પણ થઈ શકે છે. તેનો પ્રયોગ અમરેલીમાં કરાયો હતો.આ કાર્યક્રમમાં સાંસદ નારણભાઈ કાછડીયા, જિલ્લા ભાજપ પ્રમુખ કૌશિક વેકરીયા, ભાવના ગોંડલીયા વગેરે ઉપસ્થિત રહ્યાં હતા. ખાતરની મોટી ગુણના બરાબર ક્ષમતાનું ખાતર એક નાનકડી બોટલમાં આવી જાય છે, ટ્રકમાં ભરીને લઈ જઈ શકાય તેટલું નેનો ખાતર બાઈકમાં જ આવી જતા ટ્રાન્સપોર્ટનો મોટો ખર્ચ ઘટશે, નેનો ખાતર વજનમાં હલકું, ગુણવત્તામાં વધારે અને કિંમતમાં સસ્તુ છે, નેનો ખાતર જમીનમાં નહીં પણ છોડની ઉપર નાખવાનું છે એટલે જમીન બગડશે નહીં કે ખાતરથી થતી બીજી સાઈડ ઈફેક્ટ નિવારી શકાશે.

# અમદાવાદમાં કેમિકલ માફિયાઓ દ્વારા પર્યાવરણને તબાહ કરાયો

અમદાવાદ, કેમિકલ બનાવતી ફેક્ટરીઓ પ્રદૂષણના મામલે જીવતા બોંબ સમાન હોય છે. સૌથી વધુ પ્રદૂષણ આ ફેક્ટરીઓમાંથી ફેલાતું હોય છે. ત્યારે તેના કારણો જોઈએ તો મંજૂરી કરતાં અનેકગણું ઉત્પાદન કરવુ એ એક કારણ છે. અનેક ફેક્ટરીઓમાં ઈટીપી કાર્યરત્ નથી હોતા. અથવા તો અંશતઃ કાર્યરત્ હોય છે. એપીસીડી પણ ચાલતું નથી હોતું. એફ્લ્યુઅન્ટને બાયપાસ કરાતું હોય છે. મંજૂરી વગરની અનેક પ્રોડક્ટ્સ બનાવાતી હોય છે. હાનિકારક કચરાનો ગેરકાયદે નિકાલ કરાતો હોય છે. વાસણ બનાવતા કારખાનાઓ અને ઈલેક્ટ્રોપ્લેટિંગ કરતાં કારખાનાઓ પૈસાની લાલચે મંજુરી કરતાં અનેકગણું ઉત્પાદન કરતાં હોય છે. એફ્લ્યુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ જેવું કશું હોતું જ નથી. એફ્લ્યુઅન્ટને બાયપાસ કરી દેવાતું હોય છે. તેમજ વાસણ ધોવા માટે વપરાતું અને ઈલેક્ટ્રોપ્લેટિંગમાં વપરાતું એસિડ વપરાશ બાદ ગેરકાયદે ડ્રેનેજમાં કે રીવર્સ બોર કરીને છોડી દેવામાં આવતું હોવાના લીધે પ્રદૂષણ ફેલાય છે.પર્યાવરણની સમતુલા ખોરવાવાથી ગ્લોબલ વોર્મિંગ જેવી વૈશ્વિક સમસ્યા પેદા થઈ છે. જળ, વાયુ અને જમીનનું પ્રદૂષણ એટલું વધી ગયું છે કે કુદરતે તેનો સ્વભાવ છોડી દીધો છે. જેના લીધે આરબ દેશોમાં બરફવર્ષા થઈ રહી છે. ગ્લેશિયર સતત પીગળી રહ્યાં છે. ગ્રીનલેન્ડમાં ૨૭ જુલાઈએ ગ્લેશિયર પીગળતાં એક જ દિવસમાં ૨૨ ગીગા ટન બરફ પીગળીને સમુદ્રમાં સમાઈ ગયો છે. અતિવૃષ્ટિ થાય છે. વિશ્વનું સરેરાશ તાપમાન વધી રહ્યું છે. જેના લીધે સતત લીલાછમ રહેતાં પ્રદેશો દુષ્કાળની ઝપેટમાં આવી ગયા છે. જ્યાં સતત વરસાદની અછત રહેતી હતી એવા વિસ્તારોમાં વરસાદ માઝા મૂકીને તબાહીનું મંજર સર્જી રહ્યો છે. ક્યાંક ભીષણ ગરમી પડી રહી છે તો ક્યાંક ભયાવહ હોનારત સર્જાઈ રહી છે. વિશ્વના દરેક દેશ ગ્લોબલ વોર્મિંગની અસરો ખાળવા અનેક પગલાંઓ લઈ રહી છે. છતાં કુદરત હજુ મચક નથી આપતી. કારણ કે આપણે જેટલું પર્યાવરણ સુધારીએ છીએ તેના કરતાં અનેકગણું બગાડી રહ્યા છીએ. ક્ષમતા અને મંજૂરી કરતાં અનેકગણું ઉત્પાદન થઈ રહ્યું છે. અનેક કારખાનાઓમાં ઈટીપી કાર્યરત્ નથી હોતા. અથવા તો અંશતઃ કાર્યરત્ હોય છે. એપીસીડી પણ ચાલતુ નથી હોતું. એફ્લ્યુઅન્ટને બાયપાસ કરાતું હોય છે. મંજૂરી વગરની અનેક પ્રોડક્ટ્સ બનાવાતી હોય છે. હાનિકારક કચરાનો ગેરકાયદે નિકાલ પણ કરાતો હોય છે. વપરાયેલા કેમિકલનો ગેરકાયદે નિકાલ અને હાનિકારક કેમિકલના અતિ ઉપયોગથી પ્રદૂષણ ફેલાય છે. કોઈપણ રાજ્ય વિકાસ ઝંખતું હોય છે. પરંતુ વિનાશના સહારે વિકાસ ન હોવો જોઈએ. જ્યારે વિનાશના સહારે વિકાસ સાધવામાં આવે ત્યારે તે વિકાસ કોઈ કામનો રહેતો નથી. પ્રજાને આવા વિકાસના ફળ હંમેશા કડવા લાગે છે. અમદાવાદમાં કેમિકલ ઈન્ડસ્ટ્રીઝ, ફાર્માસ્યુટિકલ ઈન્ડસ્ટ્રીઝ અને પ્રોસેસ હાઉસ બિઝનેસ ખુબ જ ફૂલ્યો ફાલ્યો છે. પરંતુ આ બધાની વચ્ચે પર્યાવરણનું બેરહેમીથી નિકંદન કાઢવામાં આવી રહ્યું છે. પર્યાવરણની સુરક્ષાની જેમની જવાબદારી છે એવા ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડની છાતી પર જ બેસીને કેમિકલ માફિયાઓ પર્યાવરણને તબાહ કરી રહ્યાં છે. કરોડોની કાળી કમાણીના મોહમાં અંધ બનેલા જીપીસીબીએ નીતિ-નિયમોનો અમલ કરાવવાના મામલે આંખે પાટા બાંધી લીધા છે. ત્યારે કેમિકલ ઈન્ડસ્ટ્રીઝ અને પ્રોસેસ હાઉસ ઈન્ડસ્ટ્રીઝના માફિયાઓ જીપીસીબી સાથે મળીને કેવી રીતે પર્યાવરણને તબાહ કરી રહ્યા છે તેનો સવિસ્તાર અહેવાલ સંદેશ પ્રસ્તુત કરી રહ્યું છે. અમદાવાદના ઓઢવ, નરોડા, નારોલ, વટવા, દાણીલીમડા અને ચાંગોદર તથા સાણંદમાં ટેક્સ્ટાઈલ, ડાય અને ડાય કેમ, પેસ્ટિસાઈડ, ફાર્માસ્યુટિકલ, ઝેરી કેમિકલ, જ્વલનશીલ કેમિકલ, મેટલ ફિનિશિંગ, ઈલેક્ટ્રોપ્લેટિંગ તથા કાપડની પ્રોસેસ હાઉસ ઈન્ડસ્ટ્રીઝ ખુબ મોટા પ્રમાણમાં વિકસી છે. પરંતુ આ તમામ ઉદ્યોગોમાંથી નીકળતું ઝેરી કેમિકલ વાળું પાણી, ઝેરી ધુમાડો, ગંદી વાસ, કે ઘન હાનિકારક કચરો પર્યાવરણને ખૂબ મોટા પ્રમાણમાં નુકસાન પહોંચાડી રહ્યાં છે. જેના કારણે પર્યાવરણનું સમતોલન ખોરવાઈ રહ્યું છે. પર્યાવરણને નુકસાન ન થાય તે માટે દરેક ઈન્ડસ્ટ્રીઝ માટેના વિશેષ નિયમો છે. દરેક ઈન્ડસ્ટ્રીઝ પર્યાવરણને લગતાં નિયમો પાળે તે જોવાની જવાબદારી ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડની છે. પરંતુ ૅઝ્રરમ્ પર્યાવરણની જાળવણીની ચિંતા કરવાના બદલે પોતાના ખિસ્સાની વધુ ચિંતા કરતું હોવાથી પ્રદૂષણ ફેલાવનારા ઉદ્યોગોને પ્રદૂષણ ફેલાવવાનો જાણે પીળો પરવાનો મળી ગયો છે. વટવા, ઓઢવ, દાણીલીમડા વિસ્તારમાં હવે જમીનમાંથી લાલ, લીલું કલરવાળું પાણી આવવા લાગ્યું છે. છ પ્રકારની ઈન્ડસ્ટ્રીઝમાં સૌથી વધુ પ્રદૂષણ ફેલાય છે. સૌ પ્રથમ ટેક્સ્ટાઈલ ઈન્ડસ્ટ્રીઝ જોઈએ તો ટેક્સ્ટાઈલના કારખાનાઓમાં ઓવર પ્રોડક્શનના લીધે પ્રદૂષણ ફેલાઈ રહ્યું છે. આ ઉપરાંત એફલુએન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (ઈટીપી) ચાલતો ન હોય, કે અંશતઃ ચાલતો હોય તે કારણ પણ જવાબદાર છે. એર પોલ્યુશન કન્ટ્રોલ ડીવાઈસ (એપીસીડી) બિનકાર્યરત્ હોવાથી તેમજ એફલુઅન્ટને બાયપાસ કરવાના લીધે પ્રદૂષણ વધુ ફેલાઈ રહ્યું છે. ડાયઝ અને ડાયઝ ઈન્ટરમીડિયેટ્સના કારખાનાઓમાં મંજૂરી કરતાં અનેકગણું ઉત્પાદન થઈ રહ્યું છે. અનેક કારખાનાઓમાં ઈટીપી કાર્યરત્ નથી હોતા. અથવા તો અંશતઃ કાર્યરત્ હોય છે. એપીસીડી પણ ચાલતું નથી હોતું. એફ્લ્યુઅન્ટને બાયપાસ કરાતું હોય છે. મંજુરી વગરની અનેક પ્રોડક્ટ્સ બનાવાતી હોય છે. હાનિકારક કચરાનો ગેરકાયદે નિકાલ પણ કરાતો હોય છે. હાનિકારક કેમિકલના અતિ ઉપયોગના લીધે પણ પ્રદૂષણ ફેલાય છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

## પંચમહાલમાં મોરવા(હ)ના ધારાસભ્યના આદિજાતીના ખોટા પ્રમાણપત્ર મુદ્દે

# દાહોદ આદિવાસી પરીષદે આવેદન આપી મંત્રીપદે દુર કરવાની માંગ કરી

દાહોદ, ખોટા આદિજાતિના પ્રમાણપત્રના વિવાદમાં ઘેરાયેલા મોરવા હડફના ધારાસભ્ય નિમિષાબેન સુથારને રાજ્યકક્ષાના આદિજાતિ મંત્રી પદ ઉપરથી દુર કરવામાં આવે એવી રજુઆત સાથે આજરોજ દાહોદ આદિવાસી પરિવાર દ્વારા આ મામલે વિરોધ નોંધાવી દાહોદ પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

દાહોદના આદિવાસી પરિવાર દ્વારા આપવામાં આવેલા આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર, મોરવા હડફના ધારાસભ્ય નિમિષાબેન સુથાર જેઓ પાછલા ઘણા સમયથી ખોટા આદિજાતિ પ્રમાણપત્રને લઈને વિવાદમાં ઘેરાયેલ છે તેઓ પોતે પણ ખોટી રીતે આદિજાતિ પ્રમાણપત્ર મેળવીને અનુસૂચિત આદિજાતિની બેઠક ઉપરથી ચૂંટાઈ આવેલ છે અને તે બાબતમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ માં ઈલેક્શન પિટિશન કેસ નંબર EP 1/2021 થી નામ. ગુજરાત હાઈકોર્ટમાં કેસ હાલમાં ચાલુ છે તેમ આપવામાં આવેલા આવેદનપત્રમાં ઉલ્લેખ પણ કર્યો છે વધુમાં આપવામાં આવેલા આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર, મોરવા હડફ ના ધારાસભ્ય નિમિષાબેનબેન સુથાર ના પિતાનું ક્ડ઼ઈ (Duplicate) No. 713 General Register No. 1097, વાગડિયા ગલાભાઈ મોતીભાઈના નામે કડાણા વિભાગ સાર્વજનિક હાઈસ્કૂલ દ્વારા આપવામાં આવ્યું જેમાં "હિન્દુ ભીલ વાગડિયા" જાતિનો ઉલ્લેખ છે. ધારાસભ્ય નિમિષાબેન સુથારના પિતાનું જાતિનું પ્રમાણપત્ર ગજ્ઞ.૧૩૦ કે, ૧૩૭, વાગડિયા ગલાભાઈ મોતીભાઈના નામે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી પંચમહાલ દ્વારા આપવામાં આવ્યું જેમાં હિન્દુ ભીલ જાતિનો ઉલ્લેખ છે. નિમિષાબેન સુથાર ના ક્ડ઼ઈ No. 52/98-99 General Register No. 6283, કુ. વાગડિયા નિમિષાબેન ગુલાબસિંહના નામે શ્રીમતી જીજીબેન ફોરવર્ડ ગર્લ્સ હાઈસ્કૂલ અમરેલી દ્વારા આપવામાં આવ્યું જેમાં હિન્દુ પટેલીયા (ST) જાતિનો ઉલ્લેખ છે. નિમિષાબેન સુથાર જાતિ પ્રમાણપત્ર કે, જેનો નંબર નથી. મામલતદાર અમરેલી દ્વારા કુમારી વાગડિયા નિમિષાબેન ગુલાબસિંહના નામે આપવામાં આવ્યું જેમાં "પટેલીયા" જાતિનો ઉલ્લેખ છે.

આમ, હિન્દુ ભીલ વાગડિયા (શાળા છોડ્યાના બે જ મહિનામાં Duplicate ક્ડ઼ઈ મેળવેલ છે જે પણ શંકાસ્પદ છે) જાતિના પિતાના ઘરે હિન્દુ પટેલીયા દીકરીનો જન્મ થાય છે તેવું આ પુરાવા ઉપર થી અનુમાન લગાવી શકાય છે. પટેલીયા આદિજાતિ ગુજરાતમાં માત્ર દાહોદ જિલ્લામાં જ છે અને એમની અટકો અલગ અલગ છે. હાલના દાહોદ જિલ્લા સિવાય બીજે ક્યાંય પટેલીયા જનજાતિ નથી. જે ૧૯૫૦ થી આજ સુધીના દરેક સરકારી રેકર્ડમાં સાબિત થાય છે.

વધુમાં મોરવા હડફના ધારાસભ્ય નિમિષાબેન સુથારના પિતાનું જાતિ પ્રમાણપત્ર હાઈકોર્ટ દ્વારા વિશ્લેષણ સમિતિમાં તપાસ અર્થે મોકલવામાં આવતા વિશ્લેષણ સમિતિ પર રાજકીય દબાણ ઉભું કરી જરૂરી અને યોગ્ય પુરાવા નહી હોવા છતાં માન્ય કરાવ્યું હતું. ધારાસભ્ય પોતે ખોટા આદિજાતિના પ્રમાણપત્ર ને લઈને વિવાદમાં ઘેરાયેલ હોઈ તેવા સંજોગોમાં તેમને રાજ્યકક્ષાના આદિજાતિ મંત્રી જેવું મહત્વનું અને સંવેદનશીલ મંત્રાલય શોપી શકાય નહીં તેવી સમગ્ર આદિવાસી સમાજ નું માનવું છે તેમ છતાં ધારાસભ્ય નિમિષાબેન સુથારની રાજ્યકક્ષાના આદિજાતિ મંત્રી તરીકે નિમવા તે સમગ્ર આદિવાસી સમાજની લાગણી ને ઠેસ પહોંચાડાઈ છે. ધારાસભ્ય નિમિષાબેન સુથારની વિરૂદ્ધના કેસમાં જ્યાં સુધી નામ. ગુજરાત હાઈકોર્ટ નો અંતિમ ફેંસલો ના આવે ત્યાં સુધી તેમને તાત્કાલિક અસરથી રાજ્યકક્ષાના આદિજાતિ મંત્રી પદ ઉપર થી દુર કરવામાં આવે તેવી સમગ્ર આદિવાસી સમાજ ની લાગણી અને માંગણી સાથે આજરોજ દાહોદ ના આદિવાસી પરિવાર દ્વારા ઉપરોક્ત સંદર્ભનું આયોજન પત્ર પ્રાંત અધિકારીને સુપ્રત કરવામાં આવ્યું હતું.

## સંજેલી તલાટી મંડળ દ્વારા કાલી પટ્ટી ધારણ કરી પડતર માંગણીઓને લઈને આવેદન પત્ર સુપ્રત કર્યું



સંજેલી, સંજેલી તાલુકા તલાટી મંડળ દ્વારા આજરોજ સંજેલી તાલુકા વિકાસ અધિકારી, સંજેલી મામલતદારને વિવિધ પડતર માંગણીઓને લઈને કાળી પટ્ટી ધારણ કરીને ૧૧ મુદ્દાઓના પ્રશ્નોના નિકાલ માટે આવેદન પત્ર આપવામાં આવ્યું હતું જેમાં વિવિધ જૂની પડતર માંગણીઓના તાકીદે નિવારણ લાવવા માટે વિરોધ દર્શાવી માંગ કરવામાં આવી હતી જો આગામી સમયમાં માંગ નહિ સ્વીકારાય તો આંદોલન કરવાના મૂડમાં જોવા મળી છે આવેદન પત્રમાં જણાવ્યું અનુસાર તલાટી-મંત્રી સંવર્ગના પડતર પ્રશ્નોને અંગે સરકારશ્રીએ ૨૦૧૮માં બાંહેધરીનું સતત ત્રણ વર્ષની રજુઆત છતાં નિકાલ નહિ થતા વિષયે જણાવવાનું કે રાજ્યની પાયાની કેલેન્ડર અને સરકારશ્રીની તમામ વિભાગની યોજનાઓ ની અમલવારીની કામગીરી કરતા તલાટી કમમંત્રી પંચાયતની વિવિધ માંગણીઓ અંગે તારીખ ૬/૧૦/૨૦૧૮ ના રોજ ગાંધીનગર ખાતે રાજ્યના તમામ તલાટી મંત્રીઓ દ્વારા ધરણા કાર્યક્રમ આવેલ અને એ સમયે નાયબ મુખ્યમંત્રીશ્રીના વડપણ નીચે પંચાયત મંત્રી શ્રી મહેસૂલ મંત્રીશ્રી મંત્રીશ્રી સમાજ કલ્યાણ મંત્રી શ્રી તથા જે તે વિભાગના ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં ગુજરાત રાજ્ય તલાટી મંત્રી મહા મંડળના હોદ્દેદારો સાથે ચર્ચા વિચારણા કરતા નાયબ મુખ્ય મંત્રીશ્રીએ અગ્રતા ના ધોરણે પ્રશ્ન ઉકેલવાની બાંયધરી આપતા રાજ્યના તમામ તલાટી કમ મંત્રીઓએ હડતાલ સમાપ્ત કરી ફરજ પર હાજર થયા હતા આ અંગે ગુજરાત માહિતી બ્યુરો તારીખ ૨/૧૧/૨૦૧૮ના રોજ જાહેરાત કરવામાં આવેલ આમ છતાં ગુજરાત રાજ્ય તલાટી મહામંડળ દ્વારા સતત રજૂઆતો કરવા છતાં ત્રણ વર્ષ થવા છતાં બાહેધરી આપેલ પૈકી એક પણ પ્રશ્નનું નિરાકરણ નહી થતા પ્રશ્નોનો સુખદ ઉકેલ આવેલ નથી.

સમગ્ર રાજ્યના તમામ તલાટી મંત્રી તબક્કાવાર કાર્યક્રમ યોજી અંતમાં સંપૂર્ણ કામગીરીનો બહિષ્કાર કરશે સંજેલી તલાટી મંડળ દ્વારા ૧૧ મુદ્દાઓને લઈને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

૨૦૦૪-૫ ની ભરતીના તલાટી મંત્રીની સળંગ નોકરી ગણવા બાબત તારીખ ૧/૧/૨૦૧૬ બાદ મળવાપાત્ર પ્રથમ દ્વિતીય પગાર ધોરણ મંજુર કરવા બાબત તલાટી કમ મંત્રીને વી. અધિકારી સહકાર થતાં વી. અધિકારી આંકડામાં પ્રમોશન આપવા અંગે રેવન્યુ મહેસૂલી તલાટી ને પંચાયત તલાટી મંત્રી માં મર્જ કરવા બાબત સને ૨૦૦૬માં ભરતી થયેલ તલાટી મંત્રીને સળંગ નોકરી ગણવા બાબત ઊ-ફિંત કે અન્ય એક કારણથી તલાટી મંત્રીની ફરજ પરની હાજરી પુરવા નો નિર્ણય રદ કરવા બાબત તલાટી મંત્રી ઓની ફરજ મોકુફી બાબત તલાટી મંત્રી ઓ પર ફરજ દરમિયાન થતા હુમલાઓ બાબત તલાટી મંત્રી નું નવું મહેકમ મંજૂર કરી એક ગામ એક તલાટી મંત્રીની નિમણૂક કરવા અંગે તેવું ૧૧ મુદ્દાઓનું માહિતીસભર વર્ણન કરી ગુજરાત રાજ્ય તલાટી મંત્રી મંડળના આવેદનપત્રમાં જણાવ્યું હતું પડતર પ્રશ્નો કે જેની ૨૦૧૮માં તલાટી મંત્રી ઓની હડતાલ સમયે હકારાત્મક ઉકેલ લાવવા નાયબ મુખ્યમંત્રીએ ગુજરાત રાજ્ય તલાટીમંત્રી મહામંડળને મંડળને બાહેધરી આપેલ હતી જો માંગો નહિ સંતોષાય તો આંદોલન કરવાના ચિમકી ઉચ્ચારી હતી.

## ફતેપુરા તાલુકા તલાટી કમ મંત્રી મંડળ દ્વારા પડતર પ્રશ્નોના નિકાલ માટે આવેદનપત્ર આપવામાં આવ્યું

ફતેપુરા, ફતેપુરા તલાટી કમ મંત્રી દ્વારા તાલુકા વિકાસ અધિકારીને વિવિધ બાર પ્રશ્નોને લઈને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું આવેદનપત્રમાં જણાવ્યું હતું કે રાજ્યની પાયાની કેડર અને સરકારની તમામ વિભાગોની યોજનાઓની અમલવારી ની કામગીરી કરતા તલાટી-કમ-મંત્રીની વિવિધ માંગણીઓ અંગે તા.૬/૧૦/૨૦૧૮ ના રોજ ગાંધીનગર ખાતે રાજ્યના તમામ તલાટી મંત્રી ઓ દ્વારા ધારણા કરવામાં આવેલા અને હડતાળનું એલાન કરવામાં આવેલું એ સમયે માનનીય નાયબ મુખ્ય મંત્રીના વડપણ નીચે પંચાયત મંત્રી મહેસુલ મંત્રી વન મંત્રી સમાજ કલ્યાણ મંત્રી તથા જે તે વિભાગના ઉચ્ચઅધિકારીઓની ઉપસ્થિતિમાં ગુજરાત રાજ્ય તલાટી મંત્રી મહામંડળના હોદ્દેદારો સાથે ચર્ચાવિચારણા કરતાં નાયબ મુખ્ય મંત્રીએ અગ્રતા ના ધોરણે પ્રશ્નો ઉકેલવાની બાંહેધરી આપતા રાજ્યના તમામ તલાટી કમ મંત્રીઓએ હડતાલ સમાપ્ત કરી ફરજ પર હાજર થઈ ગયા હતા.આ અંગે ગુજરાત માહિતી બ્યુરો ગુજરાત સરકાર દ્વારા તા.૨/૧૧/૨૦૧૮ ના રોજ જાહેરાત કરવામાં આવેલ આમ છતાં ગુજરાત રાજ્યના તલાટી મહામંડળ દ્વારા સતત રજૂઆત કરવા છતાં ત્રણ વર્ષ થવા છતાં સરકારે બાહેદારી આપેલ પૈકીના એક પ્રશ્નોનું નિરાકરણ નહીં થતાં રાજ્યના તમામ તલાટી મંત્રી ઓ અન્યાયની લાગણી અનુભવી રહ્યા છે જેથી અમારી આ આખરી રજૂઆત આવેદનપત્ર રૂપિઆપી જણાવ્યું છે કે આ મારા પ્રશ્નનો વહેલી તકે નિરાકરણ લાવવામાં નહીં આવે તો રાજ્યના તમામ તલાટી-કમ-મંત્રી કાર્યક્રમ યોજી અંતમાં સંપૂર્ણ કામગીરીનો બહિષ્કાર કરવાની ચીમકી ઉચ્ચારી હતી.

## દે.બારીઆ તાલુકાનો કોરોના કાળના સમય બાદનો પહેલો સ્વાગત કાર્યક્રમ કેટલો લાભદાયી થશે ?

દે.બારીઆ, દે.બારીઆ તાલુકાનો સ્વાગત કાર્યક્રમ તા.૨૧/૦૯/૨૦૨૧ મંગળવારના રોજ ૧૧.૦૦ કલાકે એસ.ડી.એમ.ના અધ્યક્ષમાં રાખવામાં આવેલ છે. આ લોકો માટેનો કાર્યક્રમ લગભગ દોઢ થી બે વર્ષના સમય બાદ જનતાની સમસ્યાઓના નિવારણ કરવા માટેનો એક સારો મંચ ગુજરાતની સંવેદનશીલ સરકારે શરૂ કર્યો હતો જેમાં આમ જનતાની સમસ્યાઓ તેમજ અન્યાયના કેસોના સો ટકા નહિ તો ૯૦ ટકા કેસોના સોલ્યુશન આ મંચથી આવતા હોય છે.

મળતી માહિતી અનુસાર દે.બારીઆ તાલુકાના કોરોનાની મહામારીના પીરીયડના બાદ આ પહેલો સ્વાગત કાર્યક્રમ દાહોદ જિલ્લાના દે.બારીઆ તાલુકાની જનતાને પ્રાપ્ત થયો છે. જેમાં સ્થાનિક શહેરની જનતાના કેસો તેમજ હાલમાં મધ્યાહન ભોજનના સંચાલકોની નિમણુંકમાં દે.બારીઆ તાલુકાના ૧૩ જેટલા કેન્દ્રોમાં સંચાલકોની નિમણુંકોમાં એચ.ડી.એમ.કર્મચારી, સંઘની તા.૬/૭/૨૦૨૧ની રજુઆતને ધ્યાને લઈ પરમીશન અમલ ૬/૨૦૨૧/૯૫૨૦-૫૨ ના પરીપત્રમાં સ્પષ્ટ ના.કલેક્ટર શ્રીઓને લેખિતમાં જાણ કરી હોવા છતાં કોરોનામાં સંક્રમિત થયેલા સંચાલકોના કુટુંબીજનોને સંચાલક તરીકે નિમણુંકમાં અગ્રતા આપવાના સંયુકત રહિશ મધ્યાહન ભોજન યોજના ગુજરાત રાજ્ય ગાંધીનગરના સરકાર શ્રીમાં વિચારણા હેઠળ હોય સરકાર નો આખરી નિર્ણય ના થાય ત્યાં સુધી અવસાન પામેલા સંચાલકની હાલની ખાલી પડેલ જગ્યાને ખાલી રાખવા જણાવવામાં આવ્યુ હોવા છતાં દે.બારીઆ તાલુકાની ૧૩ જગ્યાઓમાં ભરતીમાં ગેરરિતીઓ આચરી અને લાખોની કમાણી કરી કોરોના સંક્રમિત થયેલ સંચાલકોએ ઈન્ટરવ્યુમાં બોલાવ્યા તેમ પરીપત્રનો ઉલ્લંઘન કરી નિમણુંકમાં અગ્રિમતા આપી હળહળતો અન્યાય કર્યો છે એ પણ લાખોના ભ્રષ્ટાચાર આચરીને જેથી સ્વાગત કાર્યક્રમમાં અમારે ન્યાય મળે તેવુ સંક્રમિત સંચાલકના કુટુંબીજનોની માંગ ઉઠવા પામી છે તો તેમના માટે આ સ્વાગત કાર્યક્રમ કેટલો લાભ થઈ રહેશે ?

## દાહોદ જિલ્લામાં આરોગ્ય અને પોષણ, શિક્ષણ, કૃષિ અને સિંચાઇ, માળકાગત સુવિધાઓ સહિતનાં સૂચકાંકોની દિશામાં થયેલી પ્રગતિની જિલ્લા વિકાસ અધિકારીએ માહિતી આપી



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ, નીતિ આયોગના અધિકારી ધીરજ સંતદાસાની દાહોદ જિલ્લાની બે દિવસની મુલાકાતે આવ્યા છે. તેમણે જિલ્લા સેવા સદન ખાતે મહાત્વાકાંક્ષી જિલ્લાના વિવિધ સૂચકાંકો અંતર્ગત થયેલી કામગીરીની સમીક્ષા કરી હતી. જિલ્લા વિકાસ અધિકારી તેજસ પરમારની ઉપસ્થિતિમાં યોજાયેલી આ બેઠકમાં આરોગ્ય અને પોષણ, શિક્ષણ, કૃષિ અને સિંચાઇ, આર્થિક સમાવેશન તેમજ સ્કીલ ડેવલપમેન્ટ સહિતનાં વિવિધ ક્ષેત્રોમાં જિલ્લાની પ્રગતિની વિસ્તૃત સમીક્ષા કરાઇ હતી.

જિલ્લા સેવા સદનનાં કલેક્ટર સભાખંડમાં યોજાયેલી બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીએ નીતિ આયોગના અધિકારીને આંકાક્ષી જિલ્લા દાહોદ અંતર્ગત ઇનોવેટીવ પ્રોજેક્ટ હેઠળ મેળવેલી સિદ્ધિઓની માહિતી રજૂ કરી હતી. તેમણે જણાવ્યું કે, વોટર લેન્ડ પ્રોજેક્ટ અંતર્ગત સિંચાઇ, સ્થળાંતર સહિતના મુદ્દાઓ પર કામ કરવામાં આવી રહ્યું છે. જેમાં નવા ચેકડેમ, ચેકડેમ સમારકામ વગેરે જેવા કામો કરવામાં આવી રહ્યાં છે જેમાં ૧૪૨૦૦ હેક્ટર વિસ્તારનાં ૨૩૮૦૭ લાભાર્થીઓને લાભ મળશે.

જ્યારે આકાશ પ્રોજેક્ટ અંતર્ગત યુવાનોને ઔદ્યોગિક તાલીમ અપાઇ રહી છે. જેમાં ૧૯૪૨ તાલીમાર્થીમાંથી ૭૪૨ ને તુરત જ પ્લેસમેન્ટ મળ્યું છે. છેલ્લા બે વર્ષમાં ૭૫ મહિલાઓએ એપ્રેન્ટીશ તરીકે તાલીમ મેળવી છે. આ ઉપરાંત કેર પ્રોજેક્ટ અંતર્ગત આરોગ્ય અને પોષણની દિશામાં સરસ કામગીરી કરવામાં આવી રહી છે. જેમાં માર્ચ ૨૦૨૦ સુધીમાં ૭૪૬૦ આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમજ સંવેદના સંપર્ક સેતુ પ્રોજેક્ટ અંતર્ગત સૂચકાંકોને સુધારવા માટે માહિતીનું વ્યવસ્થિત પૃથક્કરણ માટે અત્યાધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવે છે.

બેઠકમાં મહાત્વાકાંક્ષી જિલ્લા તરીકે દાહોદ દ્વારા મેળવવામાં આવેલી વિશિષ્ટ સિદ્ધિઓનું પણ જિલ્લા વિકાસ અધિકારીએ વિસ્તૃત માહિતી આપી હતી. જેમાં એપ્રીલ થી જુન ૨૦૧૮માં જિલ્લા દ્વારા ડેલ્ટા રેન્કમાં પ્રથમ ક્રમાંક મેળવવા ઉપરાંત સપ્ટેમ્બર-૨૦૧૯માં ડેલ્ટા રેન્કમાં ત્રીજા ક્રમાંકે આવતાં જિલ્લાને રૂ.૫ કરોડ ફાળવવામાં આવ્યા હતા.

## સંજેલી નવનિર્મિત બસબસ્ટેશની માંડલી રોડ પર ગંદકી ભરમાર, અસહ્ય મચ્છરોના ઉપદ્રવથી પ્રજા ત્રાહિમામ



તસ્વીર : ફરહાન પટેલ, સંજેલી

સંજેલી, સંજેલી ખાતે નવનિર્મિત પામેલ બસસ્ટેશન નજીક આવેલ માંડલી રોડ તરફ જવાના મુખ્ય માર્ગ પર ગંદકીનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે ગંદકી એ હદે વટી ગઈ છે કે ક્ચરો મુખ્ય રોડ પર વહેતો થયો છે ડમપીંગ સાઈડ પર ક્ચરો ત્યાં ઠાલવવામાં આવે છે પરંતુ ક્ચરો રોડ પર રેલાઈ રહ્યો જેને લઈ રાહદારીઓ સહિત વિદ્યાર્થીઓમાં ભારે નારાજગીના દ્રષ્યો જોવા મળે છે તે રસ્તા પરથી પ્રસાર થઈને મંદિરે જતા શ્રદ્ધાળુઓ, સ્કૂલે જતા વિદ્યાર્થીઓ, બસસ્ટેશન જતા મુસાફરોએ ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે વિદ્યાર્થીઓ સહિત, શ્રદ્ધાળુઓ અને ગ્રામજનોની માંગ છેકેતે ગંદકી વહેલી તકેદૂર કરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે જાગૃક નાગરિકોનું કહેવું છે બીમારી ઘર કરે તે પહેલા ગંદકી દૂર કરવામાં આવે ક્મકે હાલમાં વાયરલ ઈન્ફેક્શન, સહિત સામાન્ય તાવ, શરદી, ખાંસી, જેવા રોગોમાં વધારો જોવા મળી રહ્યો છે ડેન્ગ્યુ જેવી ઘાતક બીમારી ઘર કરે તે પહેલા નગરની ગંદકી દૂર કરવામાં આવે તે અંત્યત જરૂરી છે તેવી જાગૃક નાગરિકોની માંગ છે.

## કંબોઈ ગુરૂ ગોવિંદ ધામમાં ચોરી મુદ્દે હિન્દુ જાગરણ અને આદિવાસી મંચ દ્વારા આવેદન



દાહોદ, કંબોઈ ગુરૂગોવિંદ ધામમા ચોરીની ઘટનાથી હિન્દુ સમાજની લાગણી દુભાઈ છે ત્યારે આ શરમજનક કૃત્યને વખોડતા હિન્દુ જાગરણ મંચ અને રાષ્ટ્રીય આદિવાસી મંચના સંયુક્ત ઉપક્રમે મા.કલેક્ટર સાહેબને આવેદન પત્ર આપવામાં આવ્યુ અને હિન્દુ વિરોધની માનસિકતા થી પિડિત તત્વો, કંબોઈ ધામના વિકાસમા હાડકા નાખતા તત્વો કે ભોળા લોકોનુ ધર્માન્તરણ કરનારા તત્વોનુ જ આ ષડયંત્ર હોય શકે, હિન્દુ સમાજ મંદિરોને ટાર્ગેટ કરનારા આવા લોકોને શોધીને કડક સજા કરવા માટે માંગ કરે છે. આ કાર્યક્રમ મા અજીતદેવ પારગી, મનીશભાઈ પંચાલ, પ્રકાશભાઈ પરમાર,જીતુભાઈ ગારી, દિલિપભાઈ બારિયા, ચિરાગભાઈ કોઠારી, અલ્કેશભાઈ પંચાલ, મોહન વસૈયા, વિપુલભાઈ સંગાડા, મેહુલભાઈ ચારેલ, સંતોષભાઈ ભગોરા, દેવભાઈ તેમજ મોટી સંખ્યામાં વિવિધ સંગઠનોના કાર્યકર્તાઓ અને હાજર રહ્યા હતાં. નીતિ આયોગના અધિકારી ધીરજ સંતદાસાની ઉપસ્થિતિમાં મહત્વાંકાક્ષી જિલ્લાની સમીક્ષા બેઠક યોજાઇ.

## દે.બારીઆના ભથવાડા ટોલનાકા પાસેથી કારમાંથી દારૂ ઝડપાયો

દાહોદ, દેવગઢ બારિયા તાલુકાના ભથવાડા ટોલનાકા પર વાહન ચેકિંગ દરમિયાન પોલીસે એક વૈભવી કાર માંથી એક લાખ ૨૨ હજાર ઉપરાંતના વિદેશી દારૂના જથ્થા તેમજ પચાસ હજાર કિંમતની ફોરવિલ ગાડી મળી કુલ ૧,૭૩ લાખના મુદ્દામાલ સાથે એકને ઝડપી પાડવાનું જાણવા મળે છે.

વધુ મળતી માહિતી પ્રમાણે વડોદરા જિલ્લાના બાજવાના કરોડીયા રોડ અમરનાથ ટેનામેન્ટના રહેવાસી મોહનસિંહ રણવીરસિંહ શેખાવત પોતાની કબ્જાની જીજે-૦૬-એચ.એલ ૦૯૧૮ નંબરની હુન્ડાઈ કારમાં ૧.૨૨ લાખ વિદેશી દારૂની વિદેશી દારૂ ભરી દેવગઢ બારિયા તાલુકાના ભથવાડા ટોલનાકા પર પોલીસે હુન્ડાઈ કારને ઉભી રાખી તલાશી લેતા તેમાંથી વિદેશી દારૂનો સંતાડેલો જથ્થો મળી આવતા પોલીસે દારૂ તેમજ ફોરવિલ ગાડી મળી કુલ ૧.૭૩ ના મુદ્દામાલ સાથે મોહનસિંહ શેખવાત ઝડપી પ્રોહી અંગેનો ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.25

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## મોરવા(હ)ના મોટા બામણા ગામે

# ગણેશ વિસર્જન દરમિયાન પાનમ નદીમાં ડુબેલ યુવાનનો ૨૦ કલાક બાદ મૃતદેહ મળ્યો

શહેરા,
મોરવા હડફના મોટા બામણા ગામ ખાતે ગણેશ વિસર્જન દરમિયાન દુઃખદ ઘટના બનવા પામી હતી. સ્થાનિક ગામના ગ્રામજનો પાનમ નદીમાં શ્રીજીની પ્રતિમા વિસર્જન કરવા ગયા ત્યારે નદીમાં પાણીનો પ્રવાહ વધતા બે યુવાનો ડૂબવા માંડચા હતા. જેમાંથી એક યુવાનને સ્થાનિક લોકોએ બચાવી લીધો જયારે બીજો યુવાન નદીના ઉંડા પાણીમાં ડૂબી જતા લાપતા થયો હતો. નદીમાં એસ.ડી.આર એફ અને સ્થાનિક તરવૈયાઓની મદદથી ૨૦ કલાક બાદ નદીમાંથી યુવાનની લાશ બહાર કાઢી હતી.

મોરવા હડફ ના મોટા બામણા ગામમાં ગણેશ વિસર્જન માતમ મા છવાયો હતો.સ્થાનિક ગામના લોકો રવિવારના રોજ વરસાદી માહોલ વચ્ચે પાનમ નદીમાં ગણેશ વિસર્જન કરવા ગયા હતા. પાનમ નદીમાં અચાનક પાણીનો પ્રવાહ વધી જતા બે વ્યકિતઓ ડૂબવા લાગ્યા હતા. જોકે તે સમયે સ્થાનિક લોકો એક વ્યકિતને ડૂબતા બચાવી લીધો જયારે



સુરેશ મોહન ભાઈ ડામોર પાનમ નદીના ઊંડા પાણીમાં ગરકાવ થતા ત્યાં ઉપસ્થિત ગ્રામજનો આવા દ્રશ્યો જોતા ગભરાઈ ગયા હતા. સ્થાનિક ગામના જાગૃત ગ્રામજન એ આ બાબતની જાણ

-બે યુવાન ડુબ્યા હતા એક યુવાન બચ્યો જયારે બીજા યુવાનનુ ડુબી જતા મોત.
-પાનમ નદીમાંથી NDRFની મદદથી મૃતદેહને બહાર કાઢવામાં આવ્યો.

મામલતદારને કરવામાં આવી હતી. મામલતદારે આ બનાવને ગંભીરતાથી લઈને ગોધરા એસ.આર.પી ખાતે આવેલ એસ. ડી.આર. એફ ના પી.આઈ આર.કે.પરમાર ને કોલ કર્યો હતો. પાનમ નદી ખાતે મામલતદાર, પોલીસ વિભાગ સહિત એસ.ડી.આર.એફ ની ટીમ પણ સ્થળ ખાતે પહોંચી ગઈ હતી. પાનમ નદીમાં લાપતા થયેલ યુવાનની શોધખોળ એસ.ડી.આર.એફ ની ટીમ અને સ્થાનિક તરવૈયાઓ દ્વારા કરવામાં આવી રહી હતી. જોકે અંધારૂ થતા નદીમાં લાપતા થયેલ યુવાનની શોધખોળ એસ.ડી.આર.એફ. અને સ્થાનિક તરવૈયાઓ દ્વારા બંધ કરવામાં આવી હતી. સોમવારની સવારના ૬વાગ્યે એસ.ડી.આર.એફ. ના પોલીસ ઈન્સ્પેકટર આર.કે.પરમારના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઇ નલવાયા, ભારતસિંહ બારીઆ, વિનોદભાઈ બારીઆ, શૈલેષ આમલીયાર તેમજ ગોવિંદભાઈ વણકર સહિત સ્થાનિક તરવૈયાઓ ને સાથે રાખીને પાનમ નદીમાં લાપતા થયેલ સુરેશ ડામોર ની લાશની શોધખોળ નદીમાં અલગ અલગ જગ્યાએ હાથધરી હતી. પાનમ નદીમાં પાણીનો પ્રવાહ સતત શરૂ રહેતો હોવાથી એસ.ડી.આર.એફ ની ટીમને લાપતા થયેલ યુવાનની લાશ શોધવામાં ભારે તકલીફ પડી રહી હતી. એસ. ડી.આર.એફ ની ટીમે સ્થાનિક તરવૈયાઓની મદદથી ૨૦ કલાક બાદ લાશ ને શોધવામાં સફળતા મળી હતી. સુરેશ ડામોર ની લાશને પાનમ નદી માંથી બહાર કાઢીને જરૂરી કાર્યવાહી પોલીસ દ્વારા હાથ ધરવામાં આવી હતી. જોકે આ બનેલી ઘટનાના પગલે મૃતક ના પરિવારજનો અને સ્થાનિક ગામ સહિત આજુબાજુના ગામમાં ઘેરો શોક છવાયો હતો.

## શહેરાના મીરાપુર ગામ ખાતે કોંગ્રેસ અગ્રણીની અધ્યક્ષતામાં આવનારી ચૂંટણીને લઈને બેઠક યોજાઇ

હેરા,
શહેરા ના મીરાપુર ગામ ખાતે કોંગ્રેસ અગ્રણી પર્વતસિંહ ચૌહાણ અધ્યક્ષતામાં આવનારી ચૂંટણીને લઈને કોંગ્રેસની મહત્વની બેઠક મળી હતી. જેમાં જિલ્લા પ્રમુખ, કોંગ્રેસ અગ્રણીઓએ ઉપસ્થિત સંયોજકો અને ઓર્ડીનેટરોને જરૂરી માર્ગદર્શન આપવા સહિત આવનાર કાર્યક્રમોની વિસ્તૃત ચર્ચા કરાઇ હતી.



તસ્વીર : તુષાર દરજી, શહેરા

પંચમહાલ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા શહેરા તાલુકાના મીરાપુર ગામ ખાતે કોંગ્રેસ અગ્રણી પર્વતસિંહ ચૌહાણની અધ્યક્ષતામાં આવનાર ચૂંટણીને લઈને એક મહત્વની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ કોંગ્રેસની મળેલ ચૂંટણીલક્ષી મહત્વની બેઠકમાં કોંગ્રેસના ગુજરાત પ્રદેશ મંત્રી રફીક તિજોરી વાલા, જિલ્લા પ્રમુખ અજીતસિંહ ભટ્ટી, કોંગ્રેસ અગ્રણી તખતસિંહ સોલંકી, દુષ્યંતસિંહ ચૌહાણ, વિરોધ પક્ષના નેતા જે.બી. સોલંકી તેમજ શહેરા તાલુકા કોંગ્રેસ પ્રમુખ આરતસિંહ પટેલ અને પર્વતસિંહ ચૌહાણએ દીપ પ્રગટાવીને કાર્યક્રમની શરૂઆત કરી હતી. આ બેઠકમાં ઉપસ્થિત કોંગ્રેસના સંયોજકો, ઓર્ડીનેટરોને કઈ કામગીરી કરવાની છે તે અંગેની વિસ્તૃત માહિતી આપવા સહિત જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ. કોંગ્રેસ પક્ષ દ્વારા અનેક કાર્યક્રમો વિધાન સભાની ચૂંટણી આવે તે પહેલા કરવામાં આવનાર છે. અને કોંગ્રેસ કાર્યકરો જન–જન સુધી પહોંચી જવા માટે આહવાન કરવામા આવ્યુ હતુ. સાથે નદીસરની તાલુકા પંચાયતની પેટા ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષના ઉમેદવાર જંગી મતોથી જીત મેળવે તે માટેની વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. કોંગ્રેસ કાર્યકરોને આવનાર વિધાનસભાની ચૂંટણી આવે તે પહેલાં કોંગ્રેસ મજબૂતાઈ સાથે ચૂંટણી લડે તે માટે જિલ્લા કોંગ્રેસ દ્વારા અત્યારથી જ રણનીતિ નો દોર શરૂ કરી દીધો હોય તેમ લાગી રહયુ છે.

## સતત વાદળ છાયા વાતાવરણ અને ઝાપટા થી હવે ખેતી પર ખતરો

નદીસર,
એક તરફ થોડા દિવસ પહેલા જ્યારે વરસાદ નહોતો ત્યારે ખેડૂતો પોતાનો પાક બચાવવા અહીંયા થી ત્યાંથી પાણી લાવીને પાક ને જીવતદાન આપ્યું હતું પણ હવે જ્યારે પાક ને વરસાદી પાણીની જરૂરી ન હોય તેવા સમયે સતત વાદળ છાયા ભેજ વાળા વાતાવરણ વચ્ચે અવાર નવાર આવતા ઝાપટા ના કારણે પાક ને નુકશાનની ભીતિ સેવાઈ રહી છે.

ગોધરા તાલુકાના પશ્ચિમ વિસ્તારના ગામો નદીસર, ટીંબા, કાકનપુર, સહિત આસપાસના વિસ્તારોમાં દોઢેક માસ અગાઉ જ્યારે વરસાદ ખરા સમયે ખેચાતા ખેડૂતો ખેતરમાં રહેલ પાકને જીવતદાન આપવા પાણી માટે કશ્મકશ કરી રહ્યા હતા અને કપાસ, તમાકુ, એરંડા, સહિતના વિવિધ પાકોમાં રાત દિવસ એક કરી પાણી કૂવા બોર કે નહેર મારફતે પણ લાવીને પાકને જીવતો રાખ્યો હતો ત્યારે એકાદ બે સારા વરસાદ બાદ હવે જ્યારે સદર પાકોમાં છટણી, ખાતર છંટકાવ, નિંદામણ, દવા છંટકાવ તેમજ તડકાની જરૂરિયાત હોય ત્યારે સમગ્ર પંથકમાં છેલ્લા પંદર દિવસથી સતત ભેજ વાળા અને વાદળ છાયા વાતાવરણ વચ્ચે અવાર નવાર આવતા ઝાપટા સ્વરૂપ વરસાદના કારણે સદર પાકોમાં ખેડૂતો ના મતે કોઈજ ભલીવાર આવે તેવું લાગતું નથી તમાકુ અને કપાસ ના પાકમાં દવા છંટકાવ વગર ઈયડો અને અન્ય ઉપદ્રવ વધી ગયો છે જે પાકના વિકાસના તબ્બકે મોટું નુકશાન પહોંચાડી રહ્યો છે આ તરફ ડાંગરના અને એરંડાના પાકમાં પણ જો આવુ જ વાતાવરણ રહ્યું તો નુકશાન થવા સંભાવના છે મકાઈ બાજરી સહિતના ધાન્ય પાકોમાં તો નુકશાન પારાવાર જોવા મળે છે ત્યારે આ બધા વચ્ચે પણ આજે બપોરના સમયે ગોધરા તાલુકાના પશ્ચિમ વિસ્તારમાં લગભગ બે ઈંચ જેવો ભારે વરસાદ પડતાં ખેડૂતોના જીવ પડીકે બંધાયા છે અને જેમ જેમ વરસાદ પડે તેમ તેમ નુકશાનની શકયતા ઓ મજબૂત થતી જાય છે ....!!

## ગોધરા તાલુકા અને નદીસર સામાન્ય બેઠકની મહિલા ઉમેદવારનુ ફોર્મ મંજુર



તસ્વીર : હિમાંશુ પંડ્યા, નદીસર

ગોધરા,
પંચમહાલ જિલ્લાની ગોધરા તાલુકાની અને ૧૨૪ શહેરા વિધાનસભા ના વિસ્તારની ૨૨ નદીસર સામાન્ય મહિલા બેઠકની આગામી ૩ સપ્ટેમ્બરના યોજાનારી પેટાચૂંટણી અંગે આ બેઠકના ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષના ઉમેદવાર હીનાબેન પરમાર ના ચૂંટણી ફોર્મ ચકાસણી કામગીરી માં મામલતદાર કચેરી ગોધરા ખાતે મામલતદાર શ્રી દ્વારા થયેલ ચકાસણીમાં તાલુકા પંચાયત ના ઉમેદવાર હીનાબેન પરમાર પંચમહાલ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અજીતસિંહ ભાટી પ્રદેશ મંત્રી રફીક તિજોરી વાલા એસ સી ડિપાર્ટમેન્ટ પંચમહાલના ચેરમેન રાજેશભાઈ અડિયલ સ્થાનિક આગેવાન ભાતી ભાઈ પરમાર શહેરા વિધાનસભાના ઉમેદવાર દુષ્યંત ચૌહાણ સહિત આગેવાનો ઉપસ્થિત રહી સહયોગ આપેલ કોંગ્રેસના ઉમેદવારનું ફોર્મ મંજુર કરેલ.



તસ્વીર : તુષાર દરજી, શહેરા

**શહેરા તાલુકાના ડોકવા ગામ ખાતે માજી તાલુકા પંચાયત સભ્ય પર્વત સિંહ ચૌહાણ અને તેમના પરિવાર દ્વારા બહુચર માતાજીના મંદિર ખાતે દ્વજારોહણ નો કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. મંદિર ખાતે બ્રાહ્મણોના વેદિક મંત્રોચ્ચાર સાથે પૂજા અર્ચન કરીને જય માતાજીના જયઘોષ સાથે રાકેશ ભાઈ સહીતના માઇ ભકતો દ્વારા દ્વજા ચઢાવવામાં આવી હતી. આ ધાર્મિક પ્રસંગે મોટી સંખ્યામાં સ્થાનિક ગ્રામજનો જોડાયા હતા.**

## મોરવા(હ)તાલુકા તલાટીઓએ કાળીપટ્ટી ધારણ કરી ફરજ બજાવી

શહેરા,
મોરવા હડફ તાલુકા પંચાયત કચેરી ખાતે ગ્રામ પંચાયત માં ફરજ બજાવતા તલાટીઓએ પોતાના પડતર પ્રશ્નોને લઈને કાળી પટ્ટી પહેરીને વિરોધની શરૂઆત કરી હતી. ગ્રામ પંચાયત કચેરી ખાતે તલાટીઓએ પોતાના ફરજ દરમિયાન અરજદારોને તકલીફ ન પડે તે માટે કાળી પટ્ટી પહેરીને ફરજ નિભાવી હતી.

મોરવા હડફ સહિત જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં આવેલ ગ્રામ પંચાયતમાં ફરજ બજાવતા તલાટી કમ મંત્રી વિવિધ પડતર પ્રશ્નોનો ઉકેલ નહી આવતા રાજ્ય સરકાર સામે પોતાની નારાજગી દેખાડવા સાથે વિરોધની શરૂઆત કરી હતી. તાલુકા પંચાયત કચેરી ખાતે ફરજના સમય પહેલા ગ્રામ પંચાયતમાં ફરજ બજાવતા તલાટી કમ મંત્રી ઓ એકત્રિત થઈને સોમવારના રોજ કાળી પટ્ટી પહેરીને પોતાનો વિરોધ દર્શાવ્યો હતો. તલાટી કમ મંત્રીઓ એ ગ્રામ પંચાયત કચેરી ખાતે ફરજના સમય દરમિયાન કાળી પટ્ટી ધારણ કરીને પોતાની ફરજ નિભાવી હતી. તલાટી કમ મંત્રી મંડળ દ્વારા ૨૭/૯ના રોજ ફરજ પર હાજર રહીને પેન ડાઉન કરશે અને ૧/૧૦/૨૧ના દિવસે તમામ તલાટીઓ સી. એલ મૂકીને તાલુકા પંચાયત કચેરી ખાતે બેનર સાથે દેખાવો કરી ને ઓનલાઇન કામગીરી તેમજ મહેસૂલી કામગીરી નો પડતર પ્રશ્નોનું નિરાકરણ ન આવે ત્યાં સુધી બહિષ્કાર કરનાર છે. ત્યારે રાજ્ય સરકાર દ્વારા તલાટી કમ મંત્રી મંડળ પોતાના પડતર પ્રશ્નોને લઈને અચોક્કસ મુદતની હડતાળ પર જાય તે પહેલા તેમના પડતર પ્રશ્નોનો નિકાલ કરે તે પણ જરૂરી છે.

## શહેરાના અણિયાદ ગામે સસ્તા અનાજની દુકાનમાં ધારાસભ્ય દ્વારા અનાજ વિતરણ કરાયુ



શહેરા,
શહેરા તાલુકાના અણીયાદ ગામમાં આવેલી સસ્તા અનાજની દુકાન ખાતે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ દ્વારા રેશનકાર્ડ ધારકોને અનાજનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. ભાજપ અગ્રણીઓ અને કાર્યકરો દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને જન્મદિવસની શુભેચ્છા પાઠવતા ૨૦૦૦ પોસ્ટકાર્ડ લખીને તેમને મોકલવામાં આવ્યા છે. ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ દ્વારા વડાપ્રધાન ના જન્મદિવસ નિમિત્તે તાલુકામાં આવેલી સસ્તા અનાજની દુકાનોમાં ૫૪,૦૦૦ નરેન્દ્ર મોદીના ચિત્રવાળી બેગનું વિતરણ કરવામાં આવશે.

શહેરા તાલુકાના અણીયાદ ગામમાં આવેલી સસ્તા અનાજની દુકાન ખાતે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ, જિલ્લા પંચાયત કારોબારી અધ્યક્ષ દુધાભાઈ બારીયા, તાલુકા ભાજપ પ્રભારી પરેશ ચૌહાણ અને સહ પ્રભારી ભાનુબેન બારીઆ દ્વારા રેશનકાર્ડ ધારકોને અનાજનું વિતરણ કરવા સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૭૧માં જન્મદિવસ નિમિતે પ્રધાન નરેન્દ્ર મોદીના ચિત્રવાળી બેગનું પણ વિતરણ કરવામાં આવ્યુ હતુ. જ્યારે તાલુકા ભાજપ પ્રમુખ મગનભાઈ પટેલીયા, મહામંત્રી સંજય ભાઈ બારીયા, તેમજ યુવા પ્રમુખ કિરીટ બારીયા, રામસિંહ પરમાર, હસમુખભાઈ વણકર અને પ્રદીપ પદવાણી, નટવર સિંહ રાઠોડ, તાલુકા પંચાયત ઉપપ્રમુખ ભારત સિંહ સોલંકી સહિત ભાજપ અગ્રણીઓ અને કાર્યકરોએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૭૧માં જન્મદિવસની શુભેચ્છા પાઠવતા ૨૦૦૦ પોસ્ટકાર્ડ લખીને તેઓ દ્વારા દિલ્હી મોકલવામાં આવ્યા હતા. તાલુકામાં આવેલી સસ્તા અનાજની દુકાનોમાં ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિતે વડા પ્રધાન ના ચિત્રવાળી ૫૪,૦૦૦ હજાર અનાજ ભરવાની બેગનું વિતરણ કરવામાં આવનાર છે. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભાજપ અગ્રણીઓ અને કાર્યકરો સહિત રેશનકાર્ડ ધારકો ઉપસ્થિત રહયા હતા.

## રસીનું સર્ટિફિકેટ નહીં તો બગીચાઓમાં એન્ટ્રી નહીં

અમદાવાદ,
વસ્ત્રાપુર ગાર્ડન પર પહોંચેલી એએમસીની ટીમ દ્વારા એમ પણ જણાવવામાં આવ્યું કે જે લોકોએ રસી લીધી હોય પરંતુ તેમણે સર્ટિફિકેટ ડાઉનલોડ ના કર્યું હોય તો તેને કઈ રીતે ડાઉનલોડ કરવું તે અંગે સમજાવે છે, ગાર્ડનમાં આવનારા લોકો મોબાઈલ ફોન કે પછી પ્રિન્ટ કોઈ પણ રીતે પોતાનું રસી લીધાનું સર્ટિફિકેટ રજૂ કરી શકે છે. આ સિવાય અહીં આવનારા ઘણાં નાગરિકોએ આ પ્રકારની તપાસ થાય તેને યોગ્ય ગણાવી અને તેમણે રસી લેવી જરુરી હોવાનું કહીને એએમસી દ્વારા ભરવામાં આવેલા પગલાને યોગ્ય ગણાવ્યું છે.અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા લેવાયેલા મહત્વના નિર્ણય પ્રમાણે આજથી જેમણે રસી નથી લીધી તેમને શહેરના નાના-મોટા ૨૮૩ બગીચાઓમાં પ્રવેશ આપવામાં આવશે નહીં. સવારે કસરત કરવા, મોર્નિંગ વોક કે યોગ માટે જનારા નાગરિકોએ પણ ફરજિયાત રસી લીધી હોવાનું સર્ટિફિકેટ રજૂ કરવું પડશે, આ પછી જ તેમને બગીચામાં પ્રવેશ આપવામાં આવશે. કોર્પોરેશન દ્વારા લેવાયેલા મહત્વના નિર્ણય બાદ આજે સવારે બાગ-બગીચામાં પહોંચેલા લોકો પાસે રસી લીધાનું સર્ટિફિકેટ છે કે નહી તેની ચકાસણી પણ કરવામાં આવી હતી. આ સિવાય રિપોર્ટ્સ મુજબ શહેરના જાહેર સ્થળો જેવા કે સીટિ સિવિક સેન્ટર, જાહેર બસ સેવાનો લાભ લેવા માટે પણ રસીનું સર્ટિફિકેટ જરુરી છે. અમદાવાદના વિવિધ ગાર્ડનમાં કોર્પોરેશનની ટીમો પહોંચી ગઈ હતી, જેમાં બગીચામાં પ્રવેશ સ્થળ પર નાગરિકો પાસે રસી લીધી હોય તેનું સર્ટિફિકેટ છે કે નહી તેની ચકાસણી કરવામાં આવી હતી. આજે જ્યારે ટીમ સવારમાં જ અલગ-અલગ જગ્યા પર તૈનાત થઈ ગઈ હતી ત્યારે લોકોએ પ્રવેશ મેળવવા માટે વિવિધ બહાના પણ દર્શાવ્યા હતા, કે પોતે ફોન ભૂલી ગયા છે, સર્ટિફિકેટ કઈ રીતે કઢાવવું તેના વિશે સમજ નથી વગેરે.. વગેરે.. આ સિવાય લોકો કર્મચારીઓ સાથે પણ દલીલ કરતા જોવા મળ્યા કે અમે શહેરના નાગરિક છીએ અને જાહેર જગ્યાઓનો ઉપયોગ અમે શા માટે ના કરી શકીએ?



ગાંધીનગરના મ્યુનિસિપલ કમિશ્નર દ્વારા શહેરના કચરો (સ્વચ્છતા)ને લઈ ઘણા પગલાંઓ ભર્યા છે અવાર-નવાર શહેરમાં સ્વચ્છતા માટે કાર્યો કર્યા છે અવ નવી પદ્ધતિઓ લાવી છે તેમ છતાં એજન્સીઓ દ્વારા તો ક્યાક અધિકારીઓ દ્વારા ક્યાંક ને ક્યાંક કચાશ રહી જતા મ્યુનિસિપલ કમિશ્નર જાત તપાસ માટે સુઘડ ગામમાં ગયા હતા. તે સમયે રસ્તાની બાજુમાં કચરાનો ઢગલો જોવા મળતા કમિશ્નર દ્વારા જવાબદાર અધિકારીઓને ખખડાવવામાં આવ્યા હતા અને તાત્કાલિક ધોરણે જેસીબી સહિતના સાધનોથી કચરો સાફ કરી દેવામાં આવ્યો હતો.

## કાલોલ તાલુકાના ડેરોલ મુકામે વૃક્ષારોપણ કરાયુ



તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ,
કાલોલ તાલુકાના ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ડેરોલ, મુકામે વડાપ્રધાન નરેન્દ્રમોદીના જન્મ દિવસની ઉજવણીના ભાગ રૂપે'' સેવા સપ્તાહ કાર્યક્રમ અંતર્ગત વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં કાલોલ વિધાનસભાના ધારાસભ્ય સુમનબેન ચૌહાણ, જીલ્લા ઉપપ્રમુખ ડો.યોગેશભાઈ પંડ્યા, જીલ્લા પંચાયત પંચમહાલના પૂર્વ પ્રમુખ રાજપાલસિંહ જાદવ, જીલ્લા ભાજપ મંત્રી ગિરવતસિહ પરમાર, મંડલ ભાજપ પ્રમુખ નરેન્દ્રસિંહ ગોહિલ, તાલુકા પંચાયત પ્રમુખ જયદેવસિહ ઠાકોર તથા એ.પી.એમ.સી.ના ડિરેક્ટરઓ તથા ભાજપના તમામ કાર્યકરઓ ઉપસ્થિત રહયા.